શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૪૦૫ • તા. ૧૪ માર્ચ થી ૨૦ માર્ચ ૨૦૨૬

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.






# શ્રી સાંધવ નગરે ૧૬૦મી ધ્વજા નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવની ઉજવણી

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member



SHUBH
DIAMONDS


RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

**http://www.kdosm.org**

**Email :**

**gyatimaiya2018@gmail.com**



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# હક્ક અને ફરજ એક સિક્કાની બે બાજુ

જે પરિવારમાં આપણું અવતરણ થયું છે ત્યાંથી કુદરતે આપણને સ્થાનના, જ્ઞાતિના હક્ક આપ્યાં અને ફરજ પણ. આપણો હક છે આપણા માતાપિતાનો લાડનો લ્હાવો લેવું. ભાઈ-બહેનોના પ્રેમ હેતને સાથ, મિત્રોની સાથે મનભરી મોજ માણવાનો હક એ બધું જાણે ઈશ્વર દત આર્શિવાદ છે. કોઈ ચિંતા કે ફિકર વિના, કે અન્ય કોઈ ઔપચારિકતાની જરૂરિયાત વિના આ હક્કનો વૈભવ આપણે જીવનભર ભોગવતા રહીએ છીએ. હક્ક એટલે બીજા અર્થમાં અધિકાર. જે આપણું છે, આપણને મળવા પાત્ર છે. આ અધિકારનું જતન દેશનું બંધારણ પણ કરે છે. સબળ સશક્ત નબળા વર્ગને કચડી ન નાખે, અશક્ત પર કોઈ છવાઈ ન જાય એટલે સમાજના જતન માટે કાયદાોને ન્યાયની સુચારૂ વ્યવસ્થા કરી છે.

હક્કના વિરૂદ્ધ બાજુ એટલે ફરજ. આ એક સિક્કાની બે બાજુ છે. જેટલી મજબૂતીથી હક્કની માંગ કરીએ છીએ એટલા અધિકારપૂર્વક ફરજ પણ નિભાવવાની જરૂર હોય છે તેમાં ચૂક થવી ન જોઈએ. હક્ક અધિકાર પૂર્વક માંગી ફરજ માટે આનાકાની કરનાર, ફરજ અદા કરવા ગલ્લાં તલ્લાં કરનાર વ્યક્તિની નિયત સાફ નથી હોતી. ગમતું મળ્યાં જ કરે એવી ઈચ્છા દરેકની હોય છે. પણ વાસ્તવિકતા જોવી જોઈએ અને એ હિસાબે વ્યવહારની રૂઢિ અપનાવવી જોઈએ. ઘર કે કુટુંબમાં કે વ્યવસાય કે વ્યાપારમાં બધા સંબંધો હક્કની મર્યાદાની સીમા રેખાથી બંધિત છે. દરેકે એ સમજવું જરૂરી છે કે જ્યારે કોઈના હક્ક પર અન્યાયી રીતે આપણે બેફિઝુલ તરાપ મારીએ છીએ ત્યારે સંબંધોની બાજી બગડવાની શરૂઆત થાય છે.

અણગમતી પદ્ધતિ આચરી કોઈના હક્ક પર કબજો કરવાની વૃત્તિ માનવીય સંસ્કારને લાગતો લૂણો છે. અન્યાયી પદ્ધતિ અપનાવી કોઈના હક્કને ડૂબાડવું એ અમાનવીય વ્યવહાર છે. સારા સારનો વિવેક ભૂલી હદ પાર કરી કોઈનો હક્કને ડૂબે નહીં એ પ્રત્યે જાગૃતતા રાખવી જોઈએ. મારૂ એકલાનું અને તારૂં મારૂં સહિયારૂં એવી વૃતિ કોઈ પણ સંબંધને કાલિમા લગાવે છે.

હક્કને માંગતા પહેલાં આપણી ફરજ ભૂલવી ન જોઈએ. કારણ કે ફરજ પરથી આપણને એક દિવસે શિખરે બેસાડે છે. કારણ કે હક્ક માંગવું એ સ્વાર્થ છે જ્યારે ફરજ પ્રત્યે સમર્પિત થવું એ સ્વાર્પણ છે. હક્કની માંગ એકનું કલ્યાણ થશે પણ ફરજ અદા કરવાથી અનેકનું ઉત્કર્ષ થશે. સારા સારનો વિવેક ભૂલી હદ પાર કરીને પોતાનું જ માત્ર સ્વાર્થ જોવું એ અન્યના હક્ક પરની તરાપ છે એ ભૂલવું ન જોઈએ. આપણું જીવન કર્મ મય છે. સતત કંઈને કંઈ કરતા જ રહેવાથી શુભ હેતુને લીધે સર્જનાત્મક પ્રવૃત્તિ સર્જાય છે. નહિં તો ખંડનાત્મક પ્રવૃત્તિઓ જન્મે છે. હક્ક અને ફરજના અધિકાર જાણવા પણ જોઈએ અને માણવા પણ જોઈએ. હક્ક પ્રત્યે જાગૃતિ રાખવી અને ફરજ માટે તત્પરતા ધરાવવી પ્રત્યેકનું કર્તવ્ય છે.

- જ્ઞાતિમૈયા

# પરીક્ષાઓનો બોજ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ફેબ્રુઆરી માર્ચ આવે એટલે પરીક્ષાઓની મોસમ આવી જાણે. તેમાં ૧૦મા કે ૧૨મા ધોરણ, કોલેજ થર્ડ યરની ઉપરાંત સ્પેશિયલ ગુણાત્મક પરીક્ષાઓનો બોજ વિદ્યાર્થીઓ ઉપર કાયમનો રહ્યાં કરે છે. તેમાં વિદ્યાર્થીના માતા-પિતા, સગાસંબંધી અને પડોશીઓ તેની ઉપર અપેક્ષા ભરી વાતો કરીને બોજ નાંખી દેતા હોય છે. જેને લીધે તે વિદ્યાર્થી સતત સ્ટ્રેસમાં રહે છે.

જ્યારથી નરેન્દ્ર મોદી વડાપ્રધાન તરીકે આરૂઢ થયાં છે. ત્યારથી દર ફેબ્રુઆરીના પ્રારંભે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે મૈત્રી ભર્યો સંવાદ કરી શિખામણની વાતો સલાહ આપી તેમની ચિંતાને ચિંતનમાં ફેરવવા પ્રયાસ કરે છે. તેઓ વિદ્યાર્થીઓને કહે છે કે પરીક્ષા તહેવારો જેવી હોય છે તેનો ઉત્સવ ઊજવવો જોઈએ.

શિક્ષણ આપણે મેળવીએ છીએ એ કેવળ પરીક્ષા આપવામાં માટે નથી પણ આપણા જીવન ને ઉજળું બનાવવા માટે લઇએ છીએ. માધ્યમિક ધોરણોની બોર્ડની શાળાંત પરીક્ષા, ડિગ્રી પ્રદાન કરતી યુનિવર્સિટી પરીક્ષા ઓ ઉચ્ચ ડિગ્રી માટે સહાયક બનતી ગુણાત્મક પરીક્ષાઓ જેવી કે આઇ પી એસ, આઇ આઇ એસ, નીટ, ટેટ, ગેટ. સીઇટી, સીએટી ઇત્યાદી પરીક્ષાઓનો બોજ વિધાર્થીઓની ઉપર ઘણો હોય છે કારણકે આ પરીક્ષા ઉત્તીંણ કરવાથી જ તેઓ સારી કોલેજમાં એડમિશન મેળવી શકશે ને ઉચ્ચ અભ્યાસ માટે એલિજિબલ બની શકે છે.

બોર્ડની હોય કે યુનિવર્સિટી ઓની પરીક્ષાઓ વિધાર્થી જીવનનો એક મહત્વપૂણ તબકકો છે એ સાચું પણ ઘણીવાર એનો સમય ગાળો આખાં ઘર માટે તણાવપૂવક બનાવી દે છે. જે જોઇ ને વિધાર્થી પોતે સ્ટ્રેસમાં આવી જાય છે. અ ને ઘર માટે ઉદ્વેગ બની જાય છે. આ સમય વિજ્ઞાની એ કહે છે કે વિધાર્થીની તૈયારી જેટલી મહત્વની છે એટલું મહત્વનું તેનું માનસિક સ્વાસ્થય છે માતા-પિતા, ભાઇ બહેન અને અન્ય સૌ વિધાર્થી માટે સપોર્ટર અને કાઉન્સિલર તરીકે ઊભા રહે એ જરૂરી છે. જે બાળકને સપોર્ટ મળે. હિંમત વધે જેની અસર બાળકના પરિણામ પર પડે છે. બોર્ડની ડિગ્રી શિક્ષણની પરીક્ષાઓ કેવળ વિદ્યાર્થીએ માટે જ નહીં પણ તેના માતા-પિતા માટે પણ કસોટી સમાન હોય છે. વડીલો ઘણીવાર બોજ બાળકની લઇ આવવાની અપેક્ષા રાખે છે. જેને કારણે પેપર નબળું ગયું છે એમ ધારીને અઘટિત પગલું લઇ લે છે.

પરીક્ષા પહેલાં અને પરીક્ષાના સમય ગાળા દરમ્યાન બાળકનો આત્મવિશ્વાસ વધારવાના યત્નો કરવા જોઇએ. પરીક્ષાકાળ દરમ્યાન બાળક માનસિક રીતે થોડું ડરેલું હોય છે, અસ્વસ્થ હોય છે. આ સમયે તેને પ્રેરણા આપી શકે એવી વાતો કરી સાથ અને હૂંફ તથા હૈયા ધારણ આપવી જોઈએ. નહીં કે જો બાજુવાળો બબલું દર વખતે કેવા સારા માર્કસ લાવે છે. ને જો તું શું ઉકાળી લાવે છે. જેવા મહેણાં આપતા વાકયો તેને હતોત્સાહ બનાવે છે. દરેક બાળક અપેક્ષાઓ ૯૦ કે ૯૫ ટકા માર્ક તારે લાવવા જોઈશે. એવું બિનજરૂરી દબાણ બાળકને એન્ઝાઈટી તરફ દોરશે. માતા પિતા ધીરજ રાખી તેના મનમાં કોઈ વિષય ન આવડતો હોય, ન ગમતો હોય એ વાત તેમને ખુલ્લા મનથી ન કહી શકતો હોય તો એ બાબત કાળજીપૂર્વક જાણવી જોઈએ. માર્કશીટના આંકડાઓ કરતાં સંતાનનું માનસિક સ્વાસ્થ્ય બહુમુલું છે. પરીક્ષાઓ જીવનનો એક મહત્વનો પડાવ છે પણ તે જીવનનો અંતિમ તબક્કો નથી. જ્યારે બાળકને સંપૂર્ણ ખાતરી થશે કે મારા માતા પિતા તેના પરીક્ષા પરિણામને નહીં પણ તેનો પ્રયત્નોને પ્રેમ કરે છે. ત્યારે તે કોઈપણ તણાવ વગર શ્રેષ્ઠ પરિણામ લાવી શકશે એ નક્કી વાત છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| ૫ા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા


# શ્રી સાંધવ નગરે ૧૬૦મી ધ્વજા નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવની ઉજવણી










શ્રી સાંધવ નગરે પ.પૂ.તપસ્વીરત્ન શ્રી હિતવર્ધનશ્રીજી મ. સા. અને પ.પૂ.સાધ્વીજી શ્રી પુર્ણગુણાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં ત્રિહાન્નીકા મહોત્સવ ભવ્યાતિભવ્ય ઉજવાયો. એનો અને ૩ દિવસની સાધર્મિકનો પૂરો લાભ **શ્રેષ્ઠી વર્યશ્રી માણેકજી મેઘજી લોડાયા** પરિવાર તરફથી સાંધવ મુલુંડ એ લીધેલ.

મહોત્સવનું **પ્રથમ દિવસ તા.૨૮ જાન્યુઆરી બુધવાર** આજે શ્રી સાંધવ નગરના શ્રી શાંતિનાથ દાદા જિનાલયની ૧૬૦ મી ધ્વજા મહોત્સવ પ્રસંગે દાતાશ્રી માણેકજી મેઘજી લોડાયા પરિવાર આયોજિત ત્રિહાન્હિકા મહોત્સવનો પ્રથમ દિવસ પરમપૂજ્ય મુનિરાજ શ્રી હિતવર્ધનશ્રીજી મ.સા., અને પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી પુર્ણગુણાશ્રીજી મ.સા. આદીઠાણા-૩ની નિશ્રામાં વહેલી સવારથી ભાવિકો નગરજનો શ્રી સાંધવ નગરે પધારવાની શરૂઆત થયેલ. શ્રી શાંતિનાથ દાદા પ્રભુજીની પૂજા કર્યા બાદ ૦૯:૦૦ કલાકે કુંભ સ્થાપના, દીપક સ્થાપના, જવારા રોપણ, શ્રી નવગ્રહ પાટલા પૂજન, શ્રી દસ દીકપાલ પાટલા પૂજન, શ્રી અષ્ટમંગલ પૂજન, શ્રી તોરણબંધન પૂજન થયેલ તેની ઝલક સારી સંખ્યામાં સર્વે પધારેલ. રૂપિયા ૧૦/- નું સંઘપૂજન દાતા પરિવાર શ્રી માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી કરવામાં આવેલ.

# શ્રી સાંધવ નગરે ૧૬૦મી ધ્વજા નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવની ઉજવણી













રાત્રે અચલગચ્છધિષ્ષ્કાયિકા શ્રી મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ. ત્રણ દિવસ મહોત્સવમાં સવારના રાઈ પ્રતિકમણ. પ્રભુજીની પક્ષાલ પૂજા ચડાવવાનો લાભ લેનારને પ્રથમ લાભ સમૂહ સ્નાત્ર પૂજા પ્રભુજીની ભવ્ય અંગરચના પ્રભુજીની ભક્તિ-ભાવના ભણાવવામાં આવેલ.

મહોત્સવનો **બીજો દિવસ તા. ૨૯ જાન્યુઆરી** મહાસુદ-૧૨ ૯૧-૯૧ મુમુક્ષુઓના શ્રી સાંધવ નગરની પાવન ભૂમિ ઉપર એતિહાસિક પગલાં થયેલ. બીયાસણા કરાવવાનો લાભ શ્રેષ્ઠીવર્ય માણેકજી મેઘજી લોડાયા પરિવારે લીધેલ. રૂા.૧૦૦/-ની પ્રભાવના અને રૂા.૧૦૦/-ની પ્રભાવના શેઠશ્રી શામજી નરશી દંડ તરફથી કરવામાં આવેલ. ટોટલ રૂા.૨૦૦/-ની પ્રભાવના થયેલ. વાજતે ગાજતે મુમુક્ષુનું સામૈયુ કરવામાં આવેલ.

દિવસ સવારના બે લગઝરી બસ દ્વારા પ્રવીણભાઈ લોડાયાના સંગાથે ૯૧ મુમુક્ષુ દીક્ષાર્થી તથા પરિવાર સાથે સર્વે ૧૨૦ ની સંખ્યામાં પધારેલ. સર્વેનું વાજતે ગાજતે સ્વાગત કરવામાં આવેલ.

સર્વે મુમુક્ષુ દીક્ષાર્થી શ્રી શાંતિનાથ દાદાના દર્શન કરેલ પૂજ્યશ્રીને વંદન કરેલ.

# શ્રી સાંધવ નગરે ૧૬૦મી ધ્વજા નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવની ઉજવણી














ત્યારબાદ કેશવજી રામેયા અતિથિ ગૃહની ગ્રાઉન્ડ ફ્લોરમાં રૂમ. ન. ૩ નો લાભ શ્રી નવીનભાઈ માણેકજી લોડાયા પરિવારે લીધેલ, તેમનું ઓપનિંગ કરવામાં આવેલ. પૂજ્યશ્રી એ માંગલિક સંભળાવેલ, ત્યારબાદ મ.સા.એ વ્યાખાન આપેલ.

સવારના નવકારશી અને સાંજના ચોવિહારનો લાભ શ્રેષ્ઠીવર્યશ્રી માણેકજીભાઈ મેઘજી લોડાયા એ લીધેલ. બપોરના ૧૬૦ મી ધ્વજા મહોત્સવ નિમિત્તે **શ્રેષ્ઠિવર્ય માણેકજી મેઘજી લોડાયા** સવારે લઘુ શાંતિ સ્નાત્ર મહોત્સવ ભણાવવામાં આવેલ. રૂા.૧૦ ની પ્રભાવના.

**શુભ દિવસ ૩જો તા. ૩૦ જાન્યુઆરી** મહા સુદ-૧૩ નાં સવારનાં ૧૬૦ મી ધ્વજા પોતપોતાના ઘરે વાજતે ગાજતે લઈ ને પાવન પગલાં કરાવેલ. સત્તર ભેદીની પૂજાના લાભાર્થી પરિવાર **શ્રેષ્ઠી વર્યશ્રી માણેકજી મેઘજી લોડાયા પરિવાર** એ લીધેલ શ્રી સંઘ પૂજનનો લાભ લીધેલ.

કાયમી ધ્વજાના લાભાર્થી પરિવાર **શ્રેષ્ઠીવર્યશ્રી આણંદજી હીરજી ખોના પરિવાર** અને **શ્રેષ્ઠીવર્યશ્રી પદમશી કલ્યાણજી ખોના પરિવારે** લીધેલ.

# શ્રી સાંધવ નગરે ૧૬૦મી ધ્વજા નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવની ઉજવણી













સાંધવનાં વથાણમાં ગાયોને નીલોચારો માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી ત્રણ દિવસ જીવદયા કરવામાં આવેલ. સાધારણ ખાતામાં સારો એવો ફાળો થયેલ.

ધ્વજા મહોત્સવમાં સુથરી મહાજન વરાડીયા મહાજન સારી સંખ્યામાં પધારેલ. જખૌ, નલિયા, તેરા, મંજલ રેલડીયા, દેઢિયા, વારાપદ્ધર, પરજાઉ અને રાપર ગઢવાળી સર્વે મહાજનો પધારેલ. ગામવાસીઓ, નિયાણી બહેનો, આમંત્રણને માન આપી સર્વે જણ સારી સંખ્યામાં પધારેલ. સાંધવનાં જયેશ લોડાયા, શામજીભાઈ દંડ, પ્રકાશભાઈ લોડાયા, વીરચંદ ખોના, લક્ષ્મીચંદ દંડ, રાયચંદ દંડ, પ્રવીણ મોતા, મણિલાલ ખોના, ઝવેરચંદ ખોના, ઉમેશ ખોના હિતેશ પટેલ, રાજેશ દંડ, મુકેશ દંડ, તરૂણ લોડાયા, હર્ષિત મોતા, દિપક દંડ, હર્ષિત દંડ, હિમાંશુ ખોના, નીલમબેન લોડાયા, કસ્તુરીબેન લોડાયા, વિજયાબેન પટેલ, પ્રિયાબેન પટેલ, મીનાબેન દંડ, ગાંધીધામથી લહેરચંદ ખોના, જવેરચંદ ખોના, પ્રદીપ ખોના, દિલીપ લોડાયા, ભુજથી નેમિન ખોના, મુંબઈથી આમંત્રણને માન આપી તેજકુમાર ધરમશી, કિરણ દંડ મુલુંડ ખીમજીભાઈ લોડાયા, મહેશભાઈ મોતા, શેવગાંવથી શરદ દંડ, વાપીથી ખુશાલ મૈશેરી, દાવનગીરીથી ભારતીબેન નાગડા, અમદાવાદથી હીનાબેન મેશેરી, મુંબઈથી તેમજ રંગપુર, રાજકોટ સર્વે જણા સારી સંખ્યામાં પધારેલ.

# શ્રી સાંધવ નગરે ૧૬૦મી ધ્વજા નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવની ઉજવણી














ધ્વજામાં વાક્ષેપ અચલગચ્છ, તપેગચ્છ, ખરતરગચ્છ સર્વે ગચ્છનાં આચાર્ય ભગવતો, સાધુ ભગવતો, સાધ્વીજી ભગવતો ટોટલ ૫૦૦થી વધુ સાધુ ભગવતોની વાક્ષેપ થયેલ.

ધ્વજા મહોત્સવ ને દિવસ રાત મહેનત કરી ચાર ચાંદ લગાવેલ.

પંકજ ડાઘા, દિલીપ પૂજારી, રઘુભા જાડેજા, શરદ દંડ, મહેશ મોતા, ખીમજીભાઈ લોડાયા, હિતેશ પટેલ કૃણાલ,રાજેશ દંડ, રાજેશ પટેલ, જીત ખોના અને બ્રિજેશ પટેલ સર્વેની ખુબ ખુબ અનુમોદના.

રૂપિયા ૧૬૦/- નું સંઘપૂજન શ્રી સાંધવ મહાજન તરફથી દાતા પરીવારના સહયોગથી કરવામાં આવેલ.

૧૬૦ મી ધ્વજા મહોત્સવ પ્રસંગે શ્રી સાંધવ નગરજનો આમંત્રિત મેહમાનો, નિયાણી બેહનો, સ્નેહીજનો સર્વે મળીને ૨૩૦ થી ૨૪૦ જેટલી સંખ્યામાં ધ્વજા પ્રસંગે સર્વે પધારેલ.

આ સંઘપૂજનના લાભાર્થી પરિવારોની યાદી.

**રૂપિયા ૨,૫૦૦/- :** (૧) શેઠશ્રી ચાંપશીભાઈ માણેકજી લોડાયા- ઘાટકોપર (૨) શેઠશ્રી શામજીભાઈ નરશી દંડ-મુલુંડ (૩) માતૃશ્રી કાંતાબાઈ આણંદજી ખોના-ગાંધીધામ (૪) શ્રેષ્ઠિવર્ય માણેકજી મેઘજી લોડાયા-મુલુંડ (૫) શ્રેષ્ઠિવર્ય ઠાકરશી લાલજી પટેલ-મુલુંડ.

# શ્રી સાંધવ નગરે ૧૬૦મી ધ્વજા નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવની ઉજવણી














**રૂપિયા ૧,૧૦૦/- :** (૧) માતૃશ્રી જામકુંબાઈ લાલજી પટેલ-મુલુંડ (૨) માતૃશ્રી મણિબાઇ કુંવરજી મોતા-ડોમ્બિવલી (૩) અ.સૌ. નયનાબેન વીરચંદ ખોના-ડોંબિવલી (૪) અ.સૌ. લતાબેન પ્રકાશ લોડાયા-આણંદ (૫) માતૃશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા-મુલુંડ (૬) અ.સૌ. મિતાલી મોહિત નાગડા નલિયા-મુલુંડ હસ્તે મનીષા ભાવેશ દંડ-વડાલા (૭) માતૃશ્રી જેઠીબાઈ કેશવજી ધરમશી સુથરી -મુલુંડ (૮) નવીનભાઈ માણેકજી લોડાયા-થાણા (૯) નવીનભાઈ દેવણાધ લોડાયા-મુલુંડ (૧૦) માતૃશ્રી જવેરીબાઈ પદમશી ખોના-ભાંડુપ (૧૧) અ.સૌ. પ્રીતિબેન પ્રકાશ લોડાયા-થાણા (૧૨) ભવાનજીભાઈ નરશી દંડ-મુલુંડ (૧૩) માતૃશ્રી દમયંતીબાઈ હંસરાજ દંડ-મુલુંડ (૧૪) અ.સૌ. તેજલબેન કેતન નાગડા (શ્રી નવીનભાઈ માણેકજીની દીકરી) સાંધાણ-બદલાપૂર.

**રૂપિયા ૫૦૦/- :** (૧)=ઘશ્રી જવેરચંદ મેઘજી ખોના-ડોંબિવલી (૨) માતૃશ્રી મધુરીબાઈ શામજી ડાઘા વરાડીયા (૩) શ્રી હંસરાજ ચત્રભોજ નાગડા કોઠારા (૪) અ.સૌ. નીતાબેન દેવેન ધરમશી તેરા-ડોંબિવલી (૫) ભરત ચાંપશી લોડાયા સાંયરા-દેઢિયા (૬) માતૃશ્રી માંકબાઈ ખીમજી નાગડા તેરા-મુલુંડ (૭) માતૃશ્રી શકુંતલાબેન રાયચંદ દંડ-મુલુંડ (૮) માતૃશ્રી ચંદનબેન પાશ્વીર મૈશેરી નાની સિંઘોડી.

# શ્રી સાંધવ નગરે ૧૬૦મી ધ્વજા નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવની ઉજવણી





શ્રી સાંધવ નગરે ૧૬૦ મી ધ્વજા પ્રસંગે ત્રિહાનિકા મહોત્સવ દરમિયાન રૂપિયા ૧૬૦/- નું સંઘપૂજન કરવામાં આવેલ. સર્વે દાતા પરિવારોની ખુબ ખુબ અનુમોદના.

શ્રી સાંધવ નગરે ૧૬૦મી ધ્વજા મહોત્સવ પ્રસંગે પરમ પૂજ્ય મુનિરાજ શ્રી હિતવર્ધનસાગર મ.સા.ની તેમજ પરમ પૂજ્ય સાધ્વીજી શ્રીપુર્ણગુણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી શ્રી સાંધવ મહાજનના સર્વ સાધારણ ખાતામાં રૂપિયા ૧૬,૦૦૦/- નો લાભ લેનાર ભાગ્યશાળી પરિવારો (૧) શ્રેષ્ઠિવર્ય શ્રી માણેકજી મેઘજી લોડાયા-મુલુંડ (૨) શેઠશ્રી ચાંપશીભાઈ માણેકજી લોડાયા લોખંડવાળા-ઘાટકોપર (૩) શેઠશ્રી શામજીભાઈ નરશી દંડ-મુલુંડ (૪) શ્રેષ્ઠિવર્ય ઠાકરશી લાલજી પટેલ-મુલુંડ (૫) શ્રેષ્ઠિવર્ય આણંદજી હીરજી ખોના-ગાંધીધામ (૬) માતૃશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા-મુલુંડ (૭) અ.સૌ. પ્રીતિબેન પ્રકાશ માણેકજી લોડાયા-થાણા (૮) માતૃશ્રી જેઠીબાઈ કેશવજી ધરમશી સુથરી-મુલુંડ (૯) નીરવભાઈ જીતેન્દ્ર ઝવેરી સુરત-મુંબઈ (૧૦) નેણશી પદમશી ખોના-ભુજ (૧૧) માતૃશ્રી જમકુબાઇ લાલજી પટેલ-મુલુંડ (૧૨) માતૃશ્રી મણિબાઇ કુંવરજી મોતા-ડોબિંવલી (૧૩) ગુલાબચંદ ત્રિકમજી નાગડા રંગપુર-મુલુંડ (૧૪) અ.સૌ.નયનાબેન વીરચંદ ખોના-ડોબિંવલી (૧૫) માતૃશ્રી અરૂણાબેન નવીનભાઈ લોડાયા-થાણા (૧૬) અ.સૌ. જયશ્રી જવેરચંદ ખોના અને અ.સૌ. દિવ્યાબેન ઉમેશ ખોના-ડોબિંવલી.

તા.૨૯ જાન્યુઆરી ગુરૂવાર શ્રી સાંધવ નગરના શ્રી શાંતિનાથ દાદા જિનાલયની ૧૬૦ મી ધ્વજા મહોત્સવના દ્વિતીય દિવસે શ્રી સાંધવ નગરે ભવ્યાતી ભવ્ય શ્રી પિંઢોબાપા ભવનનું ઉદ્‌ઘાટન બાદ અને શ્રી કેશવજી રામૈયા અતિથિગૃહમાં ગ્રાઉન્ડ ફ્લોર રૂમ નંબર-૩ ઉદ્‌ઘાટન બાદ પરમ પૂજ્ય મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા.વ્યાખ્યાન આપેલ અને સાથે શ્રી શાંતિનાથ દાદા જિનાલયની ૧૬૦ મી ધ્વજા મહોત્સવના દાતાશ્રી માણેકજી મેઘજી લોડાયા પરિવાર શ્રી પિંઢોબાપા અતિથિગૃહના દાતા શ્રીમતી દમયંતીબેન ચાંપશી માણેકજી પરિવાર તેમજ શ્રી કેશવજી રામૈયા રૂમ નંબર ૩ ના દાતા નવીનભાઈ માણેકજી લોડાયા પરિવારની અનુમોદના કરવામાં આવેલ. શ્રી સાંધવ મહાજનના સ્ટાફની અનુમોદના કરવામાં આવેલ. સર્વેની ખુબ ખુબ અનુમોદના.

શ્રી સાંધવ નગરે ૧૬૦ મી ધ્વજા મહોત્સવ પ્રસંગે શ્રી સર્વ સાધારણ ખાતાની આની લખાવીને લાભ લેનાર ભાગ્યશાળી પરિવારજનો.

**આની રૂપિયા ૫,૫૦૦/- :** (૧) અ.સૌ. લતાબેન પ્રકાશ કુંવરજી લોડાયા-આણંદ (૨) અ.સૌ. મીનાબેન મુકેશ ખીમજીભાઈ દંડ-વાપી (૩) માતૃશ્રી નવલબાઈ ભવાનજી દંડ-મુલુંડ હસ્તે : અ.સૌ. કુમકુમ ઉત્તમ દંડ (૪) ચિ. જુગલ જયેશ ભાગચંદ (જૈન) ધરમશી કોઠારા - મુલુંડ (૫) ચિ. હર્ષિત ભાવેશ દંડ-વડાલા

**રૂપિયા ૨,૫૦૦/- :** (૧) માતૃશ્રી ખેતબાઈ સોમચંદ માલસી લોડાયા-ડોંબિવલી (૨) મયુર જેઠાભાઇ લોડાયા નલિયા - ગાંધીધામ.

**આની રૂપિયા ૨,૨૦૦/- :** (૧) માતૃશ્રી જ્યોત્સનાબેન દામજી દંડ સાંધવ - ભાંડુપ (૨) માતૃશ્રી જમકુબાઇ લાલજી પટેલ-મુલુંડ (૩) માતૃશ્રી મણિબાઇ કુંવરજી મોતા-ડોબિંવલી (૪) માતૃશ્રી જવેરબાઈ પદમશી ખોના-ભાંડુપ

# શ્રી સાંધવ નગરે ૧૬૦મી ધ્વજા નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવની ઉજવણી

(૫) ભરત મેઘજી ખોના-ડોંબિવલી (૬) અ.સૌ. નયનાબેન વીરચંદ મેઘજી ખોના-ડોંબિવલી (૭) માતૃશ્રી ધનબાઈ કાનજી ભાણજી દંડ-દેવલાલી (૮) માતૃશ્રી દમયંતીબેન હંસરાજ દંડ-મુલુંડ (૯) પદમશી કુંવરજી લોડાયા (પટેલ)-કલકતા (૧૦) નવીનભાઈ માણેકજી લોડાયા-થાણા (૧૧) નવીનભાઈ દેવણાંધ લોડાયા-મુલુંડ (૧૨) દિનેશભાઇ વશનજી દંડ-મુલુંડ (૧૩) અ.સૌ. તેજલ કેતન નાગડા સાંધાણ-બદલાપૂર (૧૪) માતૃશ્રી મુક્તાબાઇ કરમશી દંડ-મુલુંડ (૧૫) માતૃશ્રી હેમલતાબેન પદમશી લોડાયા (પટેલ) સાંધવ-કોચ્ચી (કેરળ) (૧૬) માતૃશ્રી મીઠીબાઈ સોમચંદ દંડ-મુલુંડ (૧૭) માતૃશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ-ભાંડુપ (૧૮) સિદ્ધિ સંજયભાઈ નાગડા નરેડી-મુલુંડ (૧૯) અ.સૌ. ધનલક્ષ્મીબેન ખુશાલ મૈશેરી વારાપદ્ધર-વાપી (૨૦) શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન-સુથરી.

**આની રૂપિયા ૧,૧૦૦/- :** (૧) માતૃશ્રી વિજયાબેન પદમશી નાગડા નલિયા-ભાંડુપ (૨) અ.સૌ. મીનાબેન ટોકરશી નાગડા નલિયા-ભાંડુપ (૩) શ્રી રસિકભાઈ દેવરાજ લોડાયા-મુલુંડ (૪) દિવ્યાબેન ઉમેશ ખોના-ડોંબિવલી (૫) માતૃશ્રી માંકબાઈ (ભચીબાઈ) ખીમજી નાગડા તેરા-મુલુંડ હસ્તે : નવીનભાઈ નાગડા (૬) માતૃશ્રી હંસાબેન લેહરચંદ લોડાયા વાંકુ-મુલુંડ (૭) ગીતાબેન જીતેન્દ્ર લોડાયા તેરા-દેવલાલી (૮) માતૃશ્રી જયાબેન લખમશી ધરમશી તેરા-ડોંબિવલી (૯) માતૃશ્રી કાન્તાબેન ચત્રભોજ મોમાયા સાંયરા-મુલુંડ (૧૦) માતૃશ્રી ભારતીબેન સૂર્યકાન્ત નાગડા જખૌ-ધાવણગીરી (૧૧) માતૃશ્રી કાંતાબેન ખીમજી લોડાયા લાલા-ડોમ્બિવલી (૧૨) માતૃશ્રી જયાબેન મણિલાલ દંડ- માટુંગા (૧૩) માતૃશ્રી શુશીલાબેન બંકિમચંદ્ર મૈશેરી સાંયરા-થાણા (૧૪) ચિ: કૃપા ચિ: ઇશિતા હસ્તે અ.સૌ. ભાવનાબેન ચંદ્રેશ સોની જખૌ-કાંદિવલી (૧૫) માતૃશ્રી લીલાવંતીબેન વશનજી સોની જખૌ- કાંદિવલી (૧૬) અ.સૌ. લક્ષ્મીબેન શરદ દંડ બાયઠ-શેવગાવ (૧૭) માતૃશ્રી જયાબાઈ ચીમનલાલ મોમાયા વરાડીયા-ભાંડુપ (૧૮) માતૃશ્રી દમયંતીબેન પ્રફુલ દંડ-ગોરેગાંવ (૧૯) માતૃશ્રી નવલબેન મણીલાલ દંડ-ગોરેગાંવ (૨૦) માતૃશ્રી લતાબેન ઝવેરચંદ દંડ-ભાંડુપ (૨૧) અ.સૌ. નયનાબેન મહેશ મોતા લાલા-ડોંબિવલી (૨૨) અ.સૌ. હિનાબેન દિનેશ મૈશેરી મોટી સીંધોડી-અમદાવાદ (૨૩) માતૃશ્રી જમકુબાઇ મેઘજી દંડ કોઠારા-મુલુંડ (૨૪) ગુણવંતીબેન ભરત મોતા કુવાપદ્ધર-ભુજોડી (૨૫)અ.સૌ. નીતાબેન દેવેન્દ્ર ધરમશી તેરા-ડોમ્બિવલી (૨૬) શ્રી દિનેશ રામજી લોડાયા-મુલુંડ. (૨૭) અ.સૌ. શકુંતલાબેન રાયચંદ દંડ-મુલુંડ (૨૮) તારાબાઈ નવીનચંદ્ર મોતા કોઠારા-ડોંબિવલી (૨૯) વિસનજી ભીયશી ખોના તેરા-ઘાટકોપર (૩૦) માતૃશ્રી કસ્તુરીબેન કેશવજી ધરમશી સાંધાણ-ડોંબિવલી (૩૧) શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન-વરાડીયા (૩૨) માતૃશ્રી કસ્તુરીબેન વીરચંદ લોડાયા- ડોંબિવલી (૩૩) માતૃશ્રી કસ્તુરીબેન મણીલાલ ભવાનજી લોડાયા- ભાંડુપ (૩૪) માતૃશ્રી રમીલાબેન મોહનલાલ સોની નલિયા-ભાંડુપ (૩૫) માતૃશ્રી મુરબાઈ રાયચંદ લોડાયા કોઠારા- મુલુંડ (૩૬) અ.સૌ. પલ્લવી ધીરેન ખોના નલિયા-મુલુંડ.

ખુબ ખુબ અનુમોદના. જય જય શ્રી શાંતિનાથ.

# સાંધવ નગરે પિંઢોબાપા અતિથિ ગૃહનું ઉદ્‌ઘાટન







વ્યાખ્યાન બાદ પીઢો બાપા અતિથિ ગૃહ ઉદઘાટન કરવામાં આવેલ. ૬ રૂમના સાથે સંપૂર્ણ લાભ.

**શા. પદમશી જેઠાભાઈ લોડાયા**ના સ્મણાથે **શ્રીમતી દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા) પરિવાર** તરફથી આ લાભ લીધેલ. વાજતે ગાજતે પ.પૂ.સા.ભગવંત અને પ.પૂ.સાધ્વીજી શ્રી ભંગવંતની શુભ નિશ્રામાં ઉદઘાટન થયેલ.

# સાંધવ નગરે પિંઢોબાપા અતિથિ ગૃહનું ઉદ્‌ઘાટન






















દાતાશ્રી પરિવારનાં હાથે ઉદ્‌ઘાટન કરવામાં આવેલ, ત્યારબાદ વાસ્તુપૂજા ભણાવવામાં આવેલ.

શ્રી શાંતિ જિન જૈન ગ્રુપની બહેનો એ પૂજા ભણાવેલ. રૂા.૫૦ ની પ્રભાવના અ.સૌ. પ્રીતિબેન પ્રકાશ માણેકજી લોડાયા પરિવારનાં તરફથી કરવામાં આવેલ.

શા.પદમશી જેઠાભાઇ લોડાયાનું ઋણ ચૂકવવા. શેઠશ્રી ચાંપશીભાઈ એ યાદગીરીમાં પિંઢોબાપા અતિથિ ગૃહ પોતાના સ્વખર્ચે બંધાવીને શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સાંધવ મહાજનશ્રીને અર્પણ કરેલ છે. બપોરનાં સાધર્મિક ભક્તિનો લાભ અને ગામમાં પાગબંધ જમણનો લાભ શેઠ શ્રી ચાંપશી માણેકજી લોડાયા પરિવાર તરફથી રાખવામાં આવેલ..

પરિવારશ્રી ની ખુબ ખુબ અનુમોદના. અતિથિ ગૃહનું ઉદઘાટન કરી સર્વે જૈન-જેનેતર માટે ખુલ્લું મુકવામાં આવેલ પ્રથમ અતિથિ ગૃહ માં ઉત્તરવાનો લાભ સાંધવનાં રાજકોટ નિવાસી રસીકગર શિવગર ગોસ્વામી એ લાભ લીધેલ.

# સાંધવ નગરે પિંઢોબાપા અતિથિ ગૃહનું ઉદ્‌ઘાટન










# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા કચ્છમાં જરૂરતમંદોને અનાજ વિતરણ




શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા **દાતાશ્રી શ્રીમતી ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈ**ના સહયોગથી ચેરમેન જયેશ જૈન, વોઈસ ચેરમેન ગોવિંદજી પટેલ તથા પ્રવીણ લોડાયા, પ્રમુખશ્રી વિપુલ પેટલ, ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્ર લોડાયાના માર્ગદર્શન હેઠળ કચ્છમાં અબડાસા, ગાંધીધામ, મુન્દ્રા, માંડવી વિસ્તારોમાં રહેતા સમાજના ૬૫ સાર્ધમિક પરિવારોને ૨૦ વસ્તુઓ સાથેની રાશન સામગ્રી ઘરો ઘર જઈ અર્પણ કરવામાં આવેલ. તેમજ ૧૬ જૈનેત્તર પરિવારોને પણ રાશન સામગ્રી આપવામાં આવેલ. દરેક જિનાલયોમાં ઉપકરણોની સામગ્રી તેમજ દેરાસરમાં પૂજા કરતા પૂજારીઓને પેન્ટ-શર્ટ સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન (ધરમશી) તરફથી આપવામાં આવેલ.

માંડવી આશ્રમના વૃદ્ધ વડીલોને, માનવજ્યોત સંસ્થા ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમપાલારામાં માતુશ્રી વિમળાબેન ઠાકરશી પટેલ સાંધવ-મુલુંડ, માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા સાંધવ, માતુશ્રી હેમલતાબેન નલિનકાંત પીર તરફથી સાધર્મિક ભાઈઓ માટે ટી-શર્ટ, બરમુડા પેન્ટ અને શ્રી સાધર્મિક બહેનો માટે મેક્સી, ચણીયા, ચપ્પલ આપવામાં આવેલ.

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા કચ્છમાં જરૂરતમંદોને અનાજ વિતરણ













**માંડવી આશ્રમ**

માતુશ્રી લીલાંવતીબાઈ વિશનજી સોની જખૌ તરફથી ઇમિટેશન નેકલેસ, બેંગલ્સ, વીંટી, કાનના બુટીયા, ચાંદલા, બો, બકલ આપવામાં આવેલ. વિયાન વિનિત ઉતીન ખોના નલીયાવાળા તરફથી લેડીઝ અને જેન્ટસ ઘડિયાળ આપવામાં આવેલ. કસ્તુરીબેન લાલજી પટેલ હસ્તે રીશય, મોક્ષિલ વત્સલ તરફથી લાકડીયા ગાંઠિયા, સેવ ચેવડો, પેડાના પેકેટ આપવામાં આવેલ. ચિ.શ્રેયાંશ તેજસ પ્રવીણ મોતા તથા ચિ.શ્રેયા પ્રવીણ મોતા તરફથી ચોકલેટ, મોનાકો બિસ્કીટ, પારલે બિસ્કીટ, ક્રીમ બિસ્કીટ, મગફળી, ડાએટ ચેવડો, દાળ પેકેટ આપવામાં આવેલ. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા કચ્છ પ્રદેશ તથા હાલારના દરેક ગામમાં વચ્છરાજ દાદાના મંદિર બનાવેલ દરેક મંદિરમાં શ્રેષ્ઠીવર્ય શ્રી માણેકજી મેઘજી લોડાયા પરિવાર સાંધવ તરફથી ૩૬ જેટલા ગામોમાં એક પુજાની કીટમાં અગરબત્તી, ઘી, કાપૂસની વાટ, માચીસ અને પ્રસાદના પેઢા ચઢાવવામાં આવેલ અને સંઘવીશ્રી ભાગચંદ દામજી તરફથી પેન્ટ-શર્ટ અને બહેનોને સાડી આપવામાં આવેલ. હાલારના ગામોમાં પરેશ માલદે જઈને અર્પણ કરેલ.

કચ્છમાં વિતરણ વ્યવસ્થા કિરણ દંડ, પ્રબોધ મુનવર, દિપેશ શાહ, રાજેશ ધનજી લોડાયા, મહેશ નાગડા, પ્રવિણ મોતા, મુકેશ દંડ, હિતેશ પટેલ, પ્રકાશ લોડાયા, નિતીન ધરમશી, હેમંત મોતા, પંકજ ડાઘા, ખીમજીભાઈ લોડાયા, મનોજ ગાલા, જીતેન્દ્રભાઈ ખોના, મહેશ મોતા, રાજેશ દંડ, રાજેશ ગોરજી, રઝાકભાઈ હિંગોરા, લાભુ મારાજ, બુધિયા ગઢવી, પ્રતાપ ઠક્કર, જ્યોત્સના દંડ અને રસીલાબાઈ ખોના. સર્વે કાર્યકર્તાઓએ સાધર્મિકોના ઘરે ઘરે જઈ કીટ અર્પણ કરી આવેલ. એક ટ્રક, એક તૂફાન, એક ઈકો ગાડી, એક વેગન ગાડી મુકેશ દંડની, એક છોટા હાથી ટેમ્પો હુશેન હિંગોરા સર્વે વાહન દ્વારા ગામે ગામ જઈ અર્પણ કરવામાં આવેલ.

૨૫ વરસથી દાતા પરિવાર કચ્છમાં સંઘવીશ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર તરફથી અનાજ વિતરણનો અમૂલ્ય લાભ લઈ રહ્યા છે.

પૂજ્ય શ્રી સાધુ ભગવંતો અને સાધ્વીશ્રી ભગવંતોને ભક્તિ કરવાનો લાભ યજ્ઞનાબેન જયેશ માણેકજી લોડાયા પરિવાર લીધેલ.

જીવદયામાં જખૌ, નલિયા, તેરા, કોઠારા, પરજાઉ, સુથરી, સર્વે પાંજરાપોળમાં નીલો રંજકો તથા રૂા.૨૫,૦૦૦ સહજાનંદ પાંજરાપોળ બડદિયામાં અને રૂા.૨૫,૦૦૦ ગઢશીશા પાંજરાપોળ, રૂા.૫૦,૦૦૦ પરિવર્તન ફાઉન્ડેશન પાંજરાપોળ અમદાવાદ, રૂા.૨૫,૦૦૦ વચ્છરાજ વચ્છરાદાદા, રૂા.૨૫,૦૦૦ જિંઝવાળા વચ્છરાજ બેટ.

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન કચ્છ એકમ
# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન સમુહ લગ્ન ટ્રસ્ટ


## કારોબારી સમિતિ (૨૦૨૬-૨૦૩૧)

### પદાધિકારી


પ્રમુખ
મહેશ ખીમજી લાલકા
(વાડાપદ્ધર-આદિપુર)
૯૮૨૫૨૮૭૫૫૫



ઉપપ્રમુખ
પ્રબોધ હીરાચંદ મુનવર
(કોઠારા-ભુજ)
૯૮૨૫૧૬૯૮૭૬


ઉપપ્રમુખ
જવેરચંદ આણંદજી ખોના
(સાંધવ-ગાંધીધામ)
૯૮૨૫૨૨૭૩૧૯


મંત્રી
નિરંજન નરશી લોડાયા
(તેરા-અંજાર)
૯૪૨૭૨૪૯૭૨૦


સહ-મંત્રી
કેતન મધુકાન્ત લોડાયા
(કોઠારા-ગાંધીધામ)
૯૮૭૯૫૨૨૬૪૨


ખજાનચી
ધનપતિ સોમચંદ નાગડા
(નલિયા-ગાંધીધામ)
૯૮૭૯૮૧૩૪૪૭૫


સહ-ખજાનચી
જીગર ભદ્રિક મૈશેરી
(માંડવી-ગાંધીધામ)
૯૮૨૫૪૨૯૬૩૭

### કારોબારી સભ્ય


અરવિંદ વાલજી લોડાયા
(વાડાપદ્ધર-ગાંધીધામ)
૯૮૨૫૬૩૪૫૪૯


ચેતન વીલાધર ખોના
(સુથરી-ભદ્રેશ્વર)
૯૯૧૩૨૭૭૭૬૫


ધવલ બિપિન લોડાયા
(નલિયા-ગાંધીધામ)
૯૮૨૫૫૧૫૧૯૯


જીતેન જેઠાભાઇ પરમશી
(ભ્રાયઠ-અંતરજાળ)
૯૮૭૯૫૪૫૨૯૯


ગિરીશ હીરાચંદ મોમાયા
(રાયણ-ભુજોડી)
૭૯૯૯૩૨૩૯૬૩


હરેશ દામજી વીકમશી
(પરજાઉ-અંજાર)
૯૪૨૬૪૨૨૨૫૦


હીરાચંદ લક્ષ્મીચંદ છેડા
(સુથરી-વર્ધમાનનગર)
૯૮૭૯૩૫૪૨૪૬


જયેશ કાંતિલાલ લોડાયા
(કોઠારા-મુન્દ્રા)
૯૯૭૮૯૪૪૧૧૬


કિરણ લખમશી મોતા
(નલિયા-નલિયા)
૯૩૨૪૨૭૯૮૩૬


મહેન્દ્ર પદમશી લોડાયા
(કોઠારા-વર્ધમાનનગર)
૯૩૧૫૫૫૦૬૭૬


મિતેશ મધુકાન્ત ધરમશી
(કોઠારા-ગાંધીધામ)
૯૮૨૫૨૨૫૫૫૪


મિતેશ નિતિન મોતા
(તેરા-ગાંધીધામ)
૮૯૬૬૬૭૭૫૫૫


તુષાર મણિલાલ ગોસર
(ગોધરસમા-વર્ધમાનનગર)
૯૮૭૯૬૦૦૬૯૮

પ્લોટ નં.૫૯, સેક્ટર નં.૧એ ગાંધીધામ - ૩૭૦૨૦૧ (કચ્છ)

# માનવજ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ મુલુંડ-મુંબઈની પ્રેરણાથી શ્રી કુલીનભાઈ લુઠીયાના માર્ગદર્શન હેઠળ કચ્છમાં માનવસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ માનવજ્યોત-ભુજના શ્રી પ્રબોધ મુનવર દ્વારા ચલાવવામાં આવે છે. તેમના દ્વારા થયેલ પ્રવૃત્તિઓની વિગત નીચે મુજબ છે

• ૮૨૫ બિનવારસ લાસોની અંતિમક્રિયા કરવામાં આવી છે. • ૩૨૫૦ રખડતા-ભટકતા માનસિક દિવ્યાંગોને ઘર સુધી પહોંચાડાયા છે. •૧૧૫૭૦ વ્યક્તિઓને બસ-ટ્રેનનાં ટીકીટ ભાડા આપી ઘર સુધી પહોંચાડાયા છે. • ૬૫૧ યુવતીઓ-મહિલાઓ ઘરકંકાસથી અચાનક ભુજ પહોંચેલી તેમને સમાધાન સાથે ઘરે પહોંચાડાઇ. • ૨૭ તાજા જન્મેલા બાળકો મળ્યા. ૧૪ને બચાવી લેવાયા. ૧૩ મૃત હાલતમાં મળ્યા હતા. • ૨૬૧ ગુમ થયેલા બાળકોને શોધી આપી પરિવાર સાથે ફેર મિલન કરાવાયું છે. • ૫૩૮ દિવ્યાંગોને ટ્રાયસિકલો અર્પણ કરાઇ છે. • ૬૭૯ વિધવા મહિલાઓને સિવણ મશીન અર્પણ કરાયા છે. • ૪૮૭ વૃદ્ધોને ઘર શોધી આપી ઘરે પહોંચતા કરાયા છે.• ૪૮ મહિલાઓને આપઘાતમાંથી ઉગારવામાં આવેલ છે.• ૪૮ મહિલા, પુરૂષો, યુવક, યુવતીઓની લાસો તળાવમાંથી સંસ્થાએ કાઢી છે • દર વર્ષે ઉનાળાની કાળઝરતી ગરમીમાં પક્ષીઓ માટે પાણી પીવાનાં ૪૦ હજાર કુંડાઓનું વિતરણ. પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા. • દર વર્ષે ચકલીઓ માટે સુરક્ષિત ૪૦ હજાર ચકલીઘરોનું વિતરણ. ચકલીઓને રહેવા માટે રૂપકડું ચકલીઘર હવે ઘરોઘર પહોંચ્યું છે. • પ્લાસ્ટીકની થેલીઓ અને ઝબલાનું દુષણ દુર કરવા, ગૌમાતાને બચાવવા, દર વર્ષે ૧૨ હજાર કાપડની થેલીઓનું વિતરણ. • ભુજ શહેરનાં એકલા-અટુલા-નિરાધાર ૧૧૭ વૃદ્ધોને નાત-જાતનાં ભેદભાવ વિનાં દરરોજ તેમનાં ઘરે જઇ નિઃશુલ્ક ભોજન ટીફીન દ્વારા પહોંચાડવામાં આવે છે. • વહેલી સવારે કચરાપેટીઓમાં ઉતરી, પસ્તી-પ્લાસ્ટીક-ભંગાર વીણી તેને વેંચી અને પોતાનાં પરિવારને દરરોજ ૨૦ થી ૩૦ રૂપિયા કમાવી આપતા બાળશ્રમયોગીઓને અક્ષરજ્ઞાન આપવામાં આવેછે. સંસ્થાની બે સ્કુલોમાં આવા ૪૫૦ બાળકોને વાંચતા-લખતા શીખાડી સરકારી શાળાઓમાં પ્રવેશ અપાવવામાં આવ્યો છે. બાળ મજુરોને શોધી શોધીને અક્ષરદાન આપવામાં આવે છે. • ગાય માતાઓ માટે પાણી પીવા સિમેન્ટની ૨૦૦ થી વધુ કુંડીઓ શહેરમાં ગોઠવવામાં આવી છે. ગાય માતાને પણ આવી કુંડીઓ દ્વારા કાળઝરતી ગરમીમાં પીવાનું પાણી મળી રહે છે. • શ્વાનો માટે પાણી પીવાની દર વર્ષે ૧૫૦૦ થી વધુ સિમેન્ટની ચાડીઓ ગોઠવવામાં આવે છે. શ્વાનો પણ પોતાની પ્યાસ બુઝાવી શકે છે. • દરરોજ ગાયોને ઘાસચારો, પક્ષીઓને ચણ, શ્વાનોને રોટલા, માછલીઓને લોટ નાખવામાં આવે છે. તથા કીડીયારો પૂરવામાં આવે છે. • ચોમાસાની શરૂઆતમાં ઝુંપડા અને ભુંગાઓમાં રહેતા પરિવારોને પ્લાસ્ટીક કાગળો અને તાલપત્રીઓનું વિતરણ કરવામાં આવે છે. • શિયાળાનાં પ્રારભે ઠંડીમાં ઠુંઠવાતા લોકોને ધાબળા વિતરણ કરવામાં આવે છે. રાત્રે ખુલ્લામાં સૂતેલા લોકોને ધાબળા ઓઢાળવામાં આવે છે. • ઉનાળાનાં બળબળતા તાપમાં ફરતા બાળકોને પગરખાઓ વિતરણ કરવામાં આવે છે. • ઉનાળાની કાળઝરતી ગરમીમાં દરરોજ શ્રમજીવીકોને છાસ વિતરણ કરવામાં આવે છે. • વધુને વધુ વૃક્ષારોપણ કરવામાં આવે છે. લીંબોડી બિજનું વાવેતર કરવામાં આવે છે. • દર વર્ષે ઉનાળાની કાળઝરતી ગરમીમાં ગરીબોના ઝુંપડે જઇ ઠંડા પાણીના માટીના માટલા વિતરણ કરવામાં આવે છે. • પ્રસંગોપાત સમાજવાડીઓમાંથી વધી પડેલી રસોઇ એકઠી કરી ગરીબોના ઝુંપડે વિતરણ કરવામાં આવે છે. જે રસોઇમાંથી દર વર્ષે અઢીલાખથી વધુ લોકોના પેટનો ખાડો પુરાય છે. અને અન્નનો બગાડ અટકે છે.

## Manavjyot Bank Details

| | | |
|---|---|---|
| **BANK OF BARODA BHUJ-KUTCH (Gujarat)** | Bank Account : **03730200000421** | **IFSC CODE : BARB0BHUJXX** |
| **ICICI Bank -Madhapar-Kutch.** (Gujarat), | Bank Account : **162401000909** | **IFSC CODE :** ICIC0001624 |
| **HDFC Bank -BHUJ-Kutch.** (Gujarat), | Bank Account : 50100371007463 | **IFSC CODE :** HDFC 0009432 |
| **Bank Of India -Bhuj-Kutch.** (Gujarat), | Bank Account : 380010110000282 | **IFSC CODE :** BKID0003800 |

# માનવજ્યોત સંસ્થા-ભુજના પ્રબોધ મુનવરને અત્યાર સુધી મળેલ એવોર્ડોની વિગત

• ગુજરાત સરકારશ્રીનો ''જાહેર સુખાકારી પ્રવૃત્તિઓ માટેનો એવોર્ડ, (૨૦૧૨ ના વર્ષનો) પ્રબોધભાઇને સાંસ્કૃતિક અને રમતગમત વિભાગના મંત્રી શ્રી ફકીરભાઇ વાઘેલા હસ્તે અર્પણ થયેલો. •'કચ્છ ઉમંગ' નો ૨૦૧૧ નો ''કચ્છ ગૌરવ એવોર્ડ'' એમને અર્પણ કરાયો. •'કચ્છ શક્તિ' નો 'રાષ્ટ્રીય એવોર્ડ' ૨૦૧૨ માં ઉમદા સેવાઓ બદલ મળ્યો. • વિશ્વ સેવા પરિષદ દિલ્હીનો ''રાષ્ટ્રીય સેવારત્ન એવોર્ડ,, ૨૦૧૩માં મળ્યો. • વર્ષ ૨૦૧૪ માં ભુજ કચ્છની અનેક સંસ્થાઓ, રાજકીય અગ્રણીઓ તેમજ સરકારી કચેરીઓ દ્વારા એમને 'સન્માનપત્રો' અર્પણ થયા. • કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ''વાયબ્રન્ટ કચ્છ -૨૦૧૫,, નો એવોર્ડ, રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે અર્પણ થયો. •વર્ષ-૨૦૧૬ માં કચ્છ જિલ્લા કલેકટર શ્રી દ્વારા સન્માન પત્ર અર્પણ કરવામાં આવેલ. • વર્ષ -૨૦૧૬માં નેહરૂયુવા કેન્દ્ર, ક્રિડા અને યુવક કલ્યાણ મંત્રાલય ભારત સરકાર સંલગ્નીત પદ્મ શ્રી ડો. મણિભાઇ દેસાઇ માનવસેવા ટ્રસ્ટ પૂના દ્વારા, ડો. એ.પી.જે. અબ્દુલ કલામ જયંતિ નિમિતે ભારતરત્ન ડો. એ.પી.જે. અબ્દુલ કલામ ''રાષ્ટ્ર રત્ન એવોર્ડઅર્પણ થયો. •વર્ષ-૨૦૧૬-૨૦૧૭ માં ગુજરાતના ૩૩ જિલ્લાઓમાંથી ગુજરાતના બેસ્ટ પેરાલીગલ વોલીન્ટીયર રહ્યા છે. • વર્ષ-૨૦૧૭ ઇન્ટરનેશનલ હ્યુમન રાઇટ્સ કાઉન્સિલ મુંબઇ દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકર નોબેલ એવોર્ડ ''બાના-૨૦૧૭,, અર્પણ થયો •વર્ષ -૨૦૧૭ ફરાદી મધ્યે ''ઝીલ,, એવોર્ડ • વર્ષ-૨૦૧૭ ગુજરાત રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે ''ધરતી રત્ન,, એવોર્ડ •વર્ષ-૨૦૧૮ ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એંકરવાલા અહિંસાધામ દ્વારા ''અહિંસા એવોર્ડ'' • વર્ષ-૨૦૧૮ સંભવ ગ્રુપ - ભુજ દ્વારા ''જૈન રત્ન'' એવોર્ડ • વર્ષ-૨૦૧૮ કચ્છ યુનિવર્સિટી ભુજ મધ્યે શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ્ હસ્તે એવોર્ડ •વર્ષ-૨૦૧૮ કચ્છ જીલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે એવોર્ડ •વર્ષ-૨૦૧૯ નરેડી-કચ્છ મધ્યે પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં રાજયમંત્રી વાસણભાઇ આહિર તથા પૂર્વ રાજયમંત્રી શ્રી તારાચંદભાઇ છેડાનાં વરદ્ હસ્તે ''અહિંસા રત્ન'' એવોર્ડ •વર્ષ-૨૦૧૯ માં ગાંધીનગર મધ્યે ''ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ'' રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીના વરદ્ હસ્તે એવોર્ડ • વર્ષ-૨૦૧૯ માં ભુજ મધ્યે રાજ્ય કક્ષાનો દિવ્યાંગ પારિતોષિક એવોર્ડ • વર્ષ-૨૦૨૦ માં વડોદરા ખાતે મહારાજા સયાજીરાવ યુનિવર્સીટી ઓફ બોર્ડ દ્વારા ''યુગાન્તર એવોર્ડ-૨૦૨૦,, •વર્ષ-૨૦૨૧ માં ''અડીખમ ગુજરાત'' ગુજરાતની ન્યુઝ ચેનલ જી-૨૪ કલાક દ્વારા કચ્છ જીલ્લાને અડીખમ રાખનાર કોરોના વોરિયર્સનું સન્માન •વર્ષ-૨૦૨૧ ''કોરોના યોદ્ધા'' તરીકેનું સન્માન રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલનાં વરદ્ હસ્તે • વર્ષ-૨૦૨૨ માં અમદાવાદ મધ્યે ''વ્યાપાર જગત'' દ્વારા ગ્રીન એન.જી.ઓ. એવોર્ડ અર્પણ • વર્ષ-૨૦૨૩ માં મુંબઇ મધ્યે ''વ્યાપાર જગત'' દ્વારા પ્રાઇડ ઓફ ઇન્ડીયા એવોર્ડ અર્પણ • વર્ષ-૨૦૨૩ માં અમદાવાદ મધ્યે ''ગ્રીનપ્રેન્યોર'' દ્વારા ચેન્જરમેકર ઓફ ઇન્ડીયા એવોર્ડ અર્પણ • વર્ષ-૨૦૨૪ માં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબનાં વરદ્ હસ્તે ''સાચી વાત બેધડક,, એવોર્ડ અર્પણ • વર્ષ ૨૦૨૫ મા આશાપુરા ન્યુઝ દ્વારા પ્રસ્તુત ''કચ્છડો ખેલે ખલકમે,, એવોર્ડ અર્પણ

**માનવજ્યોત સંસ્થા- ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ, ભુજ-ખાવડા માર્ગે ભુજથી ૭ કિલોમીટરનાં અંતરે આવેલું છે. જેના મુખ્ય દાતા માતૃશ્રી રૂક્ષ્મણીબેન રતનશીં સંગોઇ, શ્રીમતી મંજુલાબેન મહેન્દ્રભાઇ સંગોઇ ટોળા-કચ્છ હાલે પાર્લા (મુંબઇ) પરિવાર છે. સહયોગી દાતા એન્કરવાલા પરિવાર, પ્રિન્સ પાઇપ પરિવાર, નવનીત પરિવાર, એસપીએમ પરિવાર તથા અન્ય દાતશ્રીઓ છે. એકલા-અટુલા નિરાધાર રસ્તે રઝળતા અને માર્ગોમાં પડ્યા પાથર્યા રહેતા માનસિક દિવ્યાંગોને માનવજ્યોતનાં વાહન દ્વારા આશ્રમ સ્થળે લઇ આવી તેઓની સારી સારવાર કરાવી વિવિધ રાજ્યોમાં તેમનું ઘર શોધી પરિવારજનો સાથે ફેરમિલન કરાવવાનું કાર્ય કરવામાં આવે છે. દરેક રાજ્યની પોલીસ માનવતાનાં આ કાર્યમાં મદદરૂપ બને છે. ગુમ થયેલા અનેક લોકોને સંસ્થાએ શોધી આપ્યા છે. બે એકર જમીન ઉપર બે કરોડના ખર્ચે દાતાશ્રીઓ દ્વારા આ આશ્રમ બનાવી આપવામાં આવેલ છે. આશ્રમ સ્થળે અતિથિગૃહ, ભોજન શાળા, દવાખાનું, ગાર્ડન, ચબુતરો, મંદિર તથા ૩૦ રૂમો સાથેનું આ સંકુલ છે. જેની મુલાકાત લેવા વિનંતી છે. જેનાં મુખ્ય માર્ગદર્શક અને સંચાલક પ્રબોધ એચ. મુનવર છે. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ભુજનાં પ્રમુખ છે. ક.દ.ઓ. જૈન કચ્છ એકમનાં ઉપપ્રમુખ છે. ૪૦ વર્ષથી સવાણી ટ્રાન્સપોર્ટ પ્રા. લી. ભુજ બ્રાંચના મેનેજર છે.**

MANAV JYOT
માનવ જ્યોત

માનવ સેવા
એજ પ્રભુ સેવા



- Trust Reg. Number E/2324/KUTCH
- 12A No. AACTM 5297 PE 20214 dt. 28-5-2021
- 80G No. AACTM 5297 PF 20214 dt. 31-5-2021
- NITI Aayog UNIQUE ID IS GJ/2021/0287520
- CSR NUMBER 00038482

સંપર્ક : લોહાર ચોક, ભીડ ગેટ પાસે,ભુજ-કચ્છ. ફોન : (૦૨૮૩૨) ૨૨૪૦૦૦
મો. ૯૯૨૫૧૬૯૮૭૬-૯૮૨૪૬૯૧૧૧૪-૯૮૨૫૩૯૪૩૭૨-૯૯૦૯૮૫૩૫૫૫-૯૯૧૩૦૨૯૮૦૦
E-mail : manavjyotbhuj10@gmail.com • www.manavjyottrust.org

# શ્રી એમ.એલ. ભક્તા વડીલોનો... વિસામો...

## પાલારા-કચ્છ(તા. ભુજ) (ભુજથી માત્ર-૭ કિલોમીટર)

આજનાં ઝડપી યુગમાં પરિવાર કયાંક ખોવાઇ ગયો છે. પરિવારની આવક લાખો-કરોડોની હોવા છતાં ઘરમાં શાંતિ નથી. પારિવારિક આંતરિક ઝઘડા કલેશ-કપટથી આજનો માનવી-હેરાન પરેશાન છે. ખૂબ જ મોટા બંગલા-ફલેટ-વૈભવીકાર તથા દરેક જાતનું સુખ હોવા છતાં માનવી ટેન્શનમાં જીવે છે. કોણ કોને સમજાવે ?

હું મારી સંસ્થા માનવજયોત ભુજની વાત કરૂં તો દર અઠવાડિયે અમારી પાસે એક વૃદ્ધ એવો કપલ આવે કે આવીને અમને કહે અમને અહીં મારી નાખજો... મરવાની સલાહ આપજો પણ ઘરે પાછા જવાનું નાકહેતા. અમે ઘરેથી ત્રસ્ત થઇ કંટાળી તમારી પાસે આવ્યા છીએ. અમને આશ્રયની જરૂરત છે. આવી વાત વૃદ્ધ વડીલોનાં મુખે સાંભળતાં જ દિલ કંપી ઉઠે. અમારી મિલ્કત-મકાન-બધું ગયું. હવે અમે રોડ ઉપર આવી ગયા છીએ. અમારો હાથ ઝાલો... આવા ઉદ્‌ગાર જયારે વડીલોનાં મુખે સાંભળવા મળે ત્યારે એમનાં માટે કાંઇક કરી છુટવાની ભાવના મનમાં જાગે.

આવા વૃદ્ધ વડીલો માટે કાંઇક કરી છૂટવાની મનમાં ભાવનાં જાગી. ઘરથી તડછોડાયેલા આવા વૃદ્ધ વડીલોને તાત્કાલિક કયાંક આશરો મળી જાય તો એનાં મગજમાં ખોટા વિચારો ન આવે. આવા વૃદ્ધ વડીલો ખોટું પગલું ન ભરે. એમને રડતા જોઇ એમનાં મુખે વાતો સાંભળી અમોએ પણ બેચેની અનુભવી કે જેમણે જન્મ આપ્યો... મોટા કર્યા... પાળ્યા-પોષ્યા એમની જિંદગીનાં અંતિમ દિવસો દુઃખ દર્દ ભર્યા કયારે પણ નહોવા જોઇએ. જેમણે બાળકમાંથી ઉછેરી આપણને મોટા કર્યા, પગભર કર્યા એમનાં માટે બધું કરી છૂટવું જોઇએ.

વૃદ્ધ વડીલોને કોઇપણ જાતની તકલીફ ન પડે એ માટે માનવજયોત સંસ્થા ભુજ દ્વારા ભુજ નજીક પાલારા-કચ્છ મધ્યે ''એમ.એલ. ભક્તા વડીલોનો વિસામો,, શરૂ થઇ રહ્યું છે. ઘરથી તરછોડાયેલા વડીલોને તાત્કાલિક આશરો અપાશે. એમનાં પુત્ર-વહુ કે પરિવારજનો સાથે સમાધાન કરાવી અપાશે. જયાં સુધી સમાધાન નથાય ત્યાં સુધી આશ્રમ સ્થળે તેઓની દરેક વ્યવસ્થાઓ સંસ્થા દ્વારા કરવામાં આવશે.

માનવજયોત સંસ્થા ભુજ દ્વારા મુખ્ય દાતાશ્રી એમ.એલ.ભક્તા પરિવારનાં સહયોગથી ભુજથી ૭ કિ.મી.ના અંતરે પાલારા-કચ્છ મધ્યે ''શ્રી એમ.એલ. ભક્તા વડીલોનો વિસામો,, નિર્માણ પામ્યું છે. આ નિર્માણ કાર્યમાં સહયોગથી દાતાશ્રીઓનો પણ સહયોગ પ્રાપ્ત થયો છે. રૂપિયા અઢી કરોડનાં ખર્ચે આ વડીલોનો વિસામો નિર્માણ પામ્યું છે.

૨૭ રૂમો, બેંકવેટ હોલ, ભોજનખંડ, રસોડું, ઉપાશ્રય-સંતકુટીર, મેડીકલ વોર્ડ, લાયબ્રેરી, પાણીના પરબો, પાણીનાં વિશાળ ટાંકા, સ્ટાફ રૂમો, ઓફિસ, પ્રાર્થના હોલ સાથે દરેક રૂમોમાં લાઇટ,પંખા સાથે જરૂરિયાત મુજબ ફર્નીચર પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. દરેક રૂમોમાં ગરમ-ઠંડા પાણીની વ્યવસ્થાઓ છે. ૨૪ કલાક એમ્બ્યુલન્સ સેવાઓ ઉપલબ્ધ છે. શ્રી એમ.એલ.ભક્તા વડીલોનો વિસામોનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે. ટૂંક સમયમાં ખુલ્લું મુકવામાં આવશે. અહીં એકલા-અટુલા નિરાધાર, નિઃસંતાન, વૃદ્ધ વડીલોને આશ્રય અપાશે. ગુમ થયેલા અને મળી આવેલા વૃદ્ધો માટે પણ ''વડીલોનો વિસામો,, આશ્રય સ્થાન બની રહેશે.

- સંપર્ક : પ્રબોધ એચ. મુનવર મો. ૯૯૨૫૧૬૯૮૭૬

**પત્રવ્યવહાર ::**
**માનવજયોત**
લોહાર ચોક,ભીડ ગેટ,
ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧
મો. ૯૯૨૫૧૬૯૮૭૬
૯૯૧૩૦૨૯૮૦૦

**આશ્રમ સ્થળ ::**
**શ્રી એમ.એલ.ભક્તા વડીલોનો વિસામો**
C\o.માનવજયોત
શ્રી રામેશ્વર મહાદેવ મંદિર પાછળ,
ભુજ-ખાવડા રોડ, પાલારા-કચ્છ. (તા. ભુજ)
મો. ૯૯૨૫૧૬૯૮૭૬-૯૯૦૯૮૫૩૫૫૫-૯૯૧૩૦૨૯૮૦૦

# લુપ્ત થતી ચકલીઓને બચાવી લઈએ.
# ચકલી કહે છે... અમારૂં પણ એક ઘર જોઈએ...
# ૨૦મી માર્ચ વિશ્વ ચકલી દિવસ



૨૨ વર્ષ પહેલાં કચ્છમાં આખા વર્ષમાં ૫૦ કુંડા અને ૫૦ ચકલીઘર વિતરણ કરી પ્રબોધ મુનવરે જીવદયાનાં આ કાર્યનો ફેર પ્રારંભ કરેલ. વર્ષો જૂની અને વિસરાઇ ગયેલી માટી કલાને ફરી જાગૃત કરી. બીજા વર્ષે ૧૦૦ ચકલીઘર ૧૦૦ કુંડા વિતરણ કર્યા. આજે બાવીસ વર્ષ પછી જીવદયાની આ પ્રવૃત્તિને બળ મળ્યું છે. લોકોમાં જાગૃતિ આવી છે. લોકો જીવદયાના આ કાર્યમાં જોડાયા છે. છેલ્લા ૩ વર્ષથી ઉનાળાની કાળઝાળ ગરમી અને બળબળતા તાપમાં સમગ્ર કચ્છમાં દર વર્ષે ૪૦ હજાર કુંડા અને ૪૦ હજાર ચકલીઘર વિતરણ કરાય છે. કચ્છનાં ગામે ગામ અનેક દરેક શહેરોમાં માનવજ્યોત-ભુજનાં કુંડા-ચકલીઘર ઠેર-ઠેર લટકતા જોવા મળે છે. ઉનાળાની સખત ગરમીમાં કુંડા-ચકલીઘરની અતિ ભારે ડીમાન્ડ રહે છે. ગ્રામ્ય, શહેરી વિસ્તારોમાં મંદિરો, ટ્રસ્ટો, ગ્રુપો, મંડળો, યુવક મંડળો, મહિલા મંડળો, સંસ્થાઓ આ પ્રવૃત્તિમાં જોડાઇ કુંડા-ચકલીઘો ઉપર પોતાની સંથાઓનું નામ લખાવી પોતાનાં શહેરો,ગામોમાં વિતરણ કરી જીવદયાનું કાર્ય કરે છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં માટીનાં પાણીનાં કુંડા ઉપર આવી તરસ્યા પક્ષીઓ પોતાની પ્યાસ બુઝાવે છે.



નારાયણસરોવરથી ભુજ, માંડવીથી ભુજ, નલીયાથી ભુજ, રવેચી,રાપર, ભચાઉથી ભુજ, ખાવડા થી ભુજ, ગાંધીધામ, અંજારથી ભુજ માર્ગો ઉપર તેમજ કચ્છનાં ગામડા, શહેરોમાં ઠેર-ઠેર આવા માટીનાં ચકલીઘર, કુંડા લટકતા જોવા મળી રહ્યા છે. જે તરસ્યા પક્ષીઓ માટે આશિર્વાદરૂપ બની રહ્યા છે.

તરસ્યા પક્ષીઓ કુંડામાંથી પાણી પીને પોતાની પ્યાસ બુઝાવે છે. જેથી જીવદયાનું અતિશ્રેષ્ઠ કાર્ય જીવદયાપ્રેમીઓનાં હાથે થાય છે. આ પ્રવૃત્તિએ ગુજરાતનાં સીમાળા ઓળંગ્યા છે. મોરબી, જુનાગઢ, રાજકોટ, અમદાવાદ, જામનગર જેવા શહેરોમાં માનવજ્યોત ભુજનાં કુંડા, ચકલીઘર પહોંચ્યા છે. વિદેશથી આવતા એન.આર.આઇ. આ કુંડા-ચકલીઘર વિદેશની ધરતી ઉપર લઇ ગયા છે.



કચ્છમાં ચકલીઓનું અસ્તિત્વ જોખમાતું જાય છે. ચકલીઓની સંખ્યા દિવસો દિવસ ઘટતી જાય છે. કચ્છમાં લુપ્ત થઇ ગયેલા કાગડા, ગીધ, સમડી, હોલા પછી હવે કચ્છમાં મોટા પ્રમાણમાં દેખાતી ચકલીઓ પણ અદ્રશ્ય થવા લાગી છે.

માનવીની બદલાતી જીવનશૈલી, શહેરીકરણ, દેશી નળિયાનાં બદલે છત, પ્રદુષણ, નવી રહેણી કરણી, ઉંચા મોબાઇલ ટાવરો, જંતુનાશક દવાઓનાં વપરાશ વિગેરે કારણોથી કચ્છમાં મોટા પ્રમાણમાં દેખાતી ચકલીઓ હવે ઓછી દેખાય છે. પહેલાના જમાનામાં માનવી અને ચકલી એક જ ઘરમાં સાથે રહેતા હતા. માનવી જે ઘરમાં રહે તો હતો એ ઘરમાં ઉપર વરા વંજી વચ્ચે ચકલીનો માળો હતો.

પહેલાં ઘર નળિયા તથા છાપરા અને વરા-વંજી વાળા હતા. જેથી ચકલીઓ સહેલાઈથી માળો બાંધી ઈંડા મુકી બચ્ચાંનો ઉછેર કરી શકતી હતી. દિવાલ ઘડીયાલ અને ફોટો છબી પાછળ પણ ચકલીઓ માળા બાંધતી હતી. હવે નવા મકાનો છત વાળા થઇ જતાં ચકલીઓ માળો બાંધી શક્તી નથી. ચકલીઓનો... ચીં... ચીં અવાજ પણ હવે ઓછો સંભળાય છે. હવે મકાનો છતવાળાં થઇ ગયા છે જેથી ચકલીઓને પણ સુરક્ષા જોઈએ છે.



## ચકલી કહે છે અમારૂં પણ એક ઘર હોય

ચકલીઓ કહે છે અનેક કારણોસર હવે અમે માનવીનાં રહેવાનાં મકાનોમાં, ગોખલાઓમાં, માળો બાંધી શકતા નથી. બચ્ચાનાં ઉછેરમાં ખૂબજ વિક્ષેપ પડે છે. પાછું કુદરતે અમને માળો બાંધવાની કુદરતી બક્ષિસથી પણ વંચિત રાખ્યા છે. જેથી હવે દરેક માનવી પોતાનાં ઘરે અનુકુળતા પ્રમાણે ઘરમાં અમારા માટે માળાની વ્યવસ્થા કરે... એ લાકડાનું હોય કે પછી માટીનું પણ... આ અમારી દુઃખ દર્દ ભરી અપીલ છે.

કચ્છમાં ચકલીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે ત્યારે સમગ્ર કચ્છ વાસીઓએ ચકલી બચાવો અભિયાનમાં જોડાવું જોઇએ. ભુજની માનવજયોત સંસ્થા તથા શ્રી રામદેવ સેવાશ્રમ પાલારાના શ્રી પ્રબોધ મુનવરના જણાવ્યા મુજબ સંસ્થા દ્વારા પક્ષીબચાવો અભિયાન ચાલુ છે. શ્રી જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ દાદર-મુંબઈની પ્રેરણાથી માનવજયોત સંસ્થાએ જીવદયાના આ કાર્યની ૨૨ વર્ષ પહેલા શરૂઆત કરેલી.


ચકલીઓને સુરક્ષા મળે એ હેતુથી સંસ્થાએ માટીનાં ચકલી ઘરો બનાવ્યાં છે. આ રૂપકળાં ચકલીઘરોમાં ચકલીઓ માળો બાંધે છે. ઈંડા મુકે છે અને બચ્ચા ઉછેર કરી શકે છે. માનવજયોત સંસ્થાએ છેલ્લા ૨૨ વર્ષથી માટીનાં અનેક ચકલીઘરો વૃક્ષો ઉપર અને ઘરો ઉપર લટકાવ્યા છે. જેમાં ચકલીઓએ ઈંડા મુકી બચ્ચાં ઉછેર કરેલ છે, જે પ્રયોગ સફળ રહ્યો છે.

કચ્છમાં દરેક ગામો, શહેરોમાં લટકતા ચકલીઘરોમાં ચકલીઓએ માળો બાંધી ઈંડાનું સેવન કરી બચ્ચાઓને ઉછેરી રહી છે. ચકલીઘર-કુંડાની ડિમાન્ડ ખૂબ જ વધી છે.

**- પ્રબોધ મુનવર**

માનવજયોત-ભુજ-કચ્છ. મો. ૯૯૨૫૧૬૯૮૭૬



# દેશમાં કરોડો લોકો રોજ ભૂખ્યા સૂઈ જાય છે ત્યારે ગરીબોનાં પેટનો ખાડો પૂરાય એ આજના સમયની માંગ છે



ભૂખમરાનાં કારણે અથવા પુરતો અને પૌષ્ટિક ખોરાક ન મળવાનાં કારણે અનેક માનવીઓ અને બાળકો ભૂખથી મૃત્યુ પામે છે. વધતી જતી મોંઘવારી અને એક સાંધે ત્યાં તેર તૂટે પરિસ્થિતિમાં પોતાનું માંડ માંડ ગુજરાન ચલાવતા અનેક ગરીબ પરિવારો ભૂખમરાનો સામનો કરી રહ્યા છે. અનેક લોકોને ૧ ટાઈમ ખાવા મળે તો અનેક ભૂખ્યા સૂઈ જાય. બાળકોને પૌષ્ટિક ખોરાક મળતો નથી. પરિણામે બાળકો પણ બિમારીઓનો ભોગ બનતા રહે છે.

આવા સંજોગોમાં જેમને ઈશ્વરે ઘણું આપ્યું છે એવા શ્રીમંત પરિવારોએ આવા જરૂરતમંદ પરિવારોની મદદે આવવું જોઈએ. અન્નદાન મહાદાન છે. ભૂખ્યાને ભોજન કરાવવું જોઈએ.

ગરીબી, બેકારી અને કાળઝરતી મોંઘવારીનાં ખપ્પરમાં મધ્યમવર્ગ પણ હોમાઈ ગયો છે. અતિ ગરીબો કે, જેમનું ઉપર આભ અને નીચે ધરતી સિવાય કોઈ આશરો નથી. જેમના પેટ પાતાળે ગયા છે. આંખો ઊંડી ઉતરી ગઈ છે. એવા માનવી પરેશાન છે. ત્યારે આવી કપરી પરિસ્થિતિમાં અનાજનો એક એક કણ બચાવવો જરૂરી છે.

દરેક વસ્તુઓમાં ઉપરા-ઉપરી ભાવ વધારો થતો જાય છે. મોંઘવારી ઝડપભેર વધી રહી છે. અનેક ગરીબો ભૂખ્યા સૂઈ જાય છે. અન્નનો ખોટો બગાડ અટકે... અને ગરીબોનાં પેટનો ખાડો પૂરાય એ આજનાં સમયની માંગ છે. એક નજર આવા ગરીબ લોકો તરફ કરો... ગરીબો... શ્રમજીવીકો... જરૂરતમંદો... સાધર્મિક બંધુઓ તથા પાડોશીઓને મદદ રૂપ બનો. ભૂખ્યાને ભોજન એજ સાચો ધર્મ છે. એજ સાચી માનવસેવા છે. દીનદુઃખિયાની પૂછા કરો... એને મદદ કરો...

માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા છેલ્લા ૨૨ વર્ષથી ''વધી પડેલી રસોઈ ગરીબોનાં ઝુંપડે,, પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે. ભુજ અને ભુજ વિસ્તારમાં એને જબરો પ્રતિસાદ મળ્યો છે. ભુજ અને ભુજ વિસ્તારમાં યોજાતા લગ્ન પ્રસંગો, ધાર્મિક પ્રસંગો તથા અન્ય શુભ પ્રસંગોએ વધી પડેલી રસોઈ માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા એકઠી કરી લેવામાં આવે છે. અને આ ગરમ અને તાજી રસોઈ તુરત જ ગરીબોનાં ઝુંપડે-ઝુંપડે વિતરણ કરવામાં આવે છે. જેથી અન્નનો ખોટો બગાડ અટકે છે અને ગરીબોનાં પેટનો જઠરાગ્નિ ઠરે છે. માનવજ્યોત સંસ્થા ભુજ આ વધી પડેલી રસોઈમાંથી દર વર્ષે અઢી લાખ લોકોને ભરપેટ જમાડે છે. ગરીબોનાં પેટનો ખાડો પૂરાય છે. અને અનાજનો બગાડ પણ અટકે છે.

ભુજ અને ભુજ આજબાજુનાં વિસ્તારની સમાજવાડીઓ પ્રસંગોપાત વધી પડેલી રસોઈ માનવજ્યોતને આપે છે. દરરોજ બપોરે દોઢ વાગ્યાથી રસોઈ વધી પડયાનાં ફોન માનવજ્યોત કાર્યાલયે આવે છે અને સંસ્થાનું વાહન-વાસણો સાથે જુદી જુદી સમાજવાડીઓમાં પહોંચે છે. ગરમ-તાજી રસોઈ ભરી આવીને ગરીબોનાં ઝુંપડે ઝુંપડે વિતરણ કરાય છે. જેથી ગરીબ પરિવારો અને તેમનાં બાળકોને પણ પૌષ્ટિક આહાર મળે છે.

જ્યાં જ્યાં આ વધી પડેલી રસોઈ વિતરણ કરવામાં આવે છે. ત્યાં ગરીબ પરિવારોને વ્યસનોથી દૂર રહેવા અને પત્નીઓને મારઝાડ કરવાનું બંધ કરવા પણ સમજ અપાય છે. જેથી અનેક પરિવારો વ્યસન મુક્ત પણ બન્યા છે. ભુજ અને ભુજ વિસ્તારમાં માનવજયોત સંસ્થા સવારનાં ૯ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી વધી પડેલી રસોઈ લેવા પહોંચી જાય છે.

આમ આ પ્રવૃત્તિથી અનેક ગરીબોનાં પેટનો ખાડો પૂરાય છે. અન્નનો થતો બગાડ પણ અટકાવી શકાય છે. ભૂખ્યાને ભોજન મળે છે. આ પ્રવૃત્તિમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા માર્ગદર્શન અને સહકાર પૂરૂં પાડવામાં આવે છે.આ પ્રવૃત્તિ ઠેર-ઠેર શરૂ કરવાનો સમય પાકી ગયો છે.

દેશના વંદનીય, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પોતાના વક્તવ્યમાં વારંવાર કહે છે કે, અનાજનો એક - એક કણ બચાવો. આવી પ્રવૃત્તિઓ દરેક ગામો-શહેરોમાં શરૂ કરવામાં આવશે તો દેશનો એક પણ ગરીબ ભૂખ્યો નહીં સુવે અને વધી પડેલું અનાજ,ખોરાક, ભોજન, ગરીબો સુધી પહોંચશે. માનવતાનું શ્રેષ્ઠ કાર્ય થશે.

- પ્રબોધ મુનવર

માનવજ્યોત-ભુજ-કચ્છ. મો. ૯૯૨૫૧૬૯૮૭૬

॥ શ્રી ભલારા દાદાય નમઃ ॥

# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર

દ્વારા આયોજિત

# શ્રી ભલારા દાદાની ૩૬મી સમૂહ પહેડી

## લાભાર્થી પરિવારો

૧) માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર ......................રાપરગઢવારી
૨) માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત કાધા પરિવાર............વરાડીયા-માટુંગા
૩) કુ. ઈન્ડિયા, સિડની બેલા મયુર ધુલ્લા મોતા પરિવાર .............ઓસ્ટ્રેલિયા
૪) માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા પરિવાર ....................બાંઢીયા-ભાંડુપ
૫) શ્રી ધનજીભાઈ લખમશી ધુલ્લા પરિવાર ..........................કોઠારા-મુલુંડ
૬) અ.સૌ. ભારતીબેન ભદ્રીચંદ ભવાનજી દંડ પરિવાર .......નલીયા-ડોંબીવલી
૭) માતુશ્રી મણીબેન વાલજી ખોના (શાહ) પરિવાર..................સાંધવ-દાદર
૮) માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા પરિવાર...................નલીયા-મુલુંડ
૯) માતુશ્રી વિમલાબેન ઠાકરશી લોડાયા પરિવાર....................સાંધવ-મુલુંડ
૧૦) માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ પરિવાર ..........................સાંધવ-મુલુંડ
૧૧) માતુશ્રી મણીબાઈ નરશી લોડાયા પરિવાર...............રાપરગઢવારી-મુલુંડ
૧૨) અ.સો. અનિતાબેન ભરતભાઈ લોડાયા પરિવાર .......મોટી સીંધોડી-મુલુંડ
૧૩) માતુશ્રી વિજયાબેન કુંવરજી લોડાયા પરિવાર ..........રાપરગઢવારી-ભાંડુપ
૧૪) અ.સૌ. જયાબેન ચીમનલાલ મોમાયા પરિવાર ...............વરાડીયા-ભાંડુપ
૧૫) શ્રી વિશાલ સુરેશભાઈ મોમાયા પરિવાર ..........................નલીયા-મુલુંડ
૧૬) માતુશ્રી વાસંતીબેન કુલીનકાંત મોમાયા પરિવાર..............વરાડીયા-મુલુંડ
૧૭) અ.સૌ. અનુપમાબેન વિરચંદ દંડ પરિવાર ........................કોઠારા-મુલુંડ
૧૮) અ.સૌ. કલ્પનાબેન રમેશ ખોના પરિવાર..........................સાંધવ-થાણા
૧૯) માતુશ્રી નવલબાઈ દામજી મૈશેરી પરિવાર..........નાની સિંધોડી-ડોંબીવલી
૨૦) માતુશ્રી પ્રેમીલાબેન સોમચંદ નાગડા પરિવાર..........વારાપધ્ધર-ડોંબીવલી
૨૧) માતુશ્રી મણીબાઈ નવિનચંદ્ર મોતા પરિવાર ................રાયધણજર-મુલુંડ
૨૨) શ્રી ભલારા ભાવિક પુનમ મંડળ ..............................................મુંબઈ

**શુભ દિવસ : ગુરૂવાર, તા. ૧૯-૦૩-૨૦૨૬**
**સમય : બપોરે ૪.૦૦ કલાકે થી રાત્રે ૧૦.૦૦ કલાકે સુધી**
**મહા પ્રસાદ : સાંજે ૫.૩૦ કલાકે થી રાત્રે ૯.૩૦ કલાકે સુધી**

-: શુભ સ્થળ :-

**કેફો ડિલ્સ સ્કુલ કમ્પાઉન્ડ**

શરદનીલયમ સંકુલ, સાઈનાથ ટાવરની સામે, વામનરાવ મુરંજન સ્કુલ, નીલમ નગર ફેઝ-૨, મુલુંડ (ઈ.), મુંબઈ-૮૧.

**નોંધ : વેલે પાર્કિંગ તથા યુ-ટ્યુબ લાઈવ રીલેની વ્યવસ્થા કરવામાં આવશે.**

# સંજીવની કેસ નં. ૨૨૫ માટે જરૂરી રૂા.૩.૩૦ લાખ નામ માત્ર સમયમાં જ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિંગ બંધ કરાયું




કચ્છ સુથરી મલકાપુરના ૩૭ વર્ષીય નિલેશ સુનિલ લોડાયાનું માર્ગ અકસ્માત થતાં તેમના એસિટાબ્યુલમ અને ફેમરના હાડકા તૂટી ગયા. તબીબોએ નિરીક્ષણ કરી નિદાન કર્યું કે જમણા એસિટાબ્યુલમનો વિસ્થાપિત ફ્રેક્ચર થયું છે. અનેક ફ્રેક્ચર થયા હોવાથી બે સર્જરી કરવી પડી. સર્જરી સારવાર માટે ડોક્ટરો તરફથી અંદાજિત ખર્ચ રૂા.૩.૩૦ લાખ હોવાનો અંદાજ અપાયો.

પિતા, અપરિણીત બહેન, ગૃહિણી પત્ની અને ૧૦ વર્ષના પુત્ર સાથે તેઓ રહે છે. તેમનો લાકડાના ફર્નિચર બનાવવાનો નાનો એવો વ્યવસાય છે. જેનાથી રોજગાર મેળવે છે. પરિવારનો કોઈ મેડિક્લેઈમ પીઠબળ નથી. આવી પડેલી અણધારી કપરી પરિસ્થિતિમાં પરિવારે સારવાર માટે જરૂરી રકમ મળે એ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના અંતર્ગત અરજી કરી. જેને કેસ નં.૨૨૫ અપાયો તથા રકમ જમા કરવા ક્રાઉડ ફંડિગ ખૂલ્લું કરાયું.

જણાવતાં ગર્વ થાય છે કે આજ સુધીના ૨૨૪ જેટલા સંજીવની કેસ પ્રમાણે આ વખતનો કેસ નં.૨૨૫નો નિકાલ સમયસર અને સુખરૂપ રીતે જ્ઞાતિના વ્યક્તિ ગત ઉદારદિલ દાતાઓ, મહાજન, એકમ, ટ્રસ્ટ, મંડળોના ઉદાર ભર્યા સાથ અને દયા, કરૂણાના ભાવ સાથે સહયોગ મળતા સંજીવની કેસ નં.૨૨૫ માટેનું ભંડોળ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું.

આ સાથે કુલ્લ ૨૨૫ જેટલી સંજીવની સહાય અરજીઓની મદદ કરી શક્યા છીએ. જેનો પૂરે પૂરો શ્રેય શ્રેષ્ઠી દાતાઓ, મહાજન, ટ્રસ્ટ, એકમ, મંડળ ઈત્યાદીઓને છે. લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાની અમૂલ્ય તક તેઓ સર્વે મેળવી છે. સૌ ઉદારદિલજનોની ભરપૂર અનુમોદના.

# અચલગચ્છ જૈન સંઘ ગાંધીધામ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અનોખી રીતે ઉજવણી કરાઈ : મહાકાળી માતાજીની ભક્તિ ભાવનાના તમામ લાભ મહિલાઓને આપવામાં આવ્યા





શ્રી અચલગચ્છ જૈન સંઘ ગાંધીધામ દ્વારા તા.૮ માર્ચ રવિવારના દિને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી અનોખી રીતે કરાઈ. સંઘની મહિલાઓને સન્માન આપવા માટે અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના રાખવામાં આવેલ હતી.



શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દેરાસર ગાંધીધામ મધ્યે આરાધના ભવનમાં બપોરે ૨.૩૦ વાગ્યાથી સંગીતકાર દુલારીબેન નાગડા અને કિશોર સંઘાર એન્ડ પાર્ટીના સથવારે યોજાયેલી ભાવનામાં મહિલા શક્તિને સલામ કરવા માટે ખૂબજ સારી સંખ્યામાં મહિલાઓ હાજર રહી હતી. ભાવનામાં મહિલાઓને સાંકળતી હરિફાઈઓ રાખવામાં આવી હતી અને સંઘની મહિલાઓને જ ખાસ લાભ મળે તે રીતે આ દિવસની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવેલ.

આજના ભક્તિ ભાવના કાર્યક્રમની વિશેષતા એ હતી કે માતાજીની માળા પહેરાવવાનું, ચુંદડી ચડાવવાનું, પ્રસાદીનો થાળ ચઢાવવાનું, પ્રસાદી ભાવિકોને વહેંચવાની માત્ર ભક્તિ ભાવનામાં પધારેલ સંઘની મહિલાઓને આપવામાં આવેલ. આ રીતે મહિલા દિન નિમિત્તે તેની ભાવપૂર્વક અનુમોદના કરવામાં આવેલ હતી. આરતી માટે થાળ સુશોભિત કરી આવેલ ત્રણ વિજેતા બહેનોએ આરતી કરેલ હતી. સંગીતના સથવારે ભાવના ભક્તિમાં તરબોળ થઈ ભાવિકો ઝૂમ્યા હતા.

સંઘના આમંત્રણને માન આપી ભાવનામાં પધારેલ જજ તરીકે ફરજ બજાવેલ નેહાબેન વોરા અને દેવીબેન નાગડા, કચ્છ એકમના પ્રમુખ મહેશ લાલકા, મહાજન પ્રમુખ લહેરચંદ ખોના તથા વિવિધ મહિલા મંડળના પ્રમુખો હાજર રહ્યાં હતા. સંઘના પ્રમુખ કેતન લોડાયાએ સૌને ભાવપૂર્વક આવકાર્યા હતા. સંચાલન સહમંત્રી કેતન લોડાયાએ કર્યું હતું. હરિફાઈઓ ખજાનચી જીગર મૈશેરીના માર્ગદર્શનમાં થઈ હતી. આભાર દર્શનની વિધિ મંત્રી જીતેન્દ્ર છેડાએ કરી હતી.

ભાવના ભક્તિ કાર્યક્રમમાં ગાંધીધામ સંઘના ૨૫૦ થી વધુ વ્યક્તિઓએ લાભ લીધો હતો. આ મહિલા દિવસની વિશિષ્ટ ઉજવણીની ઐતિહાસિક ક્ષણે બધાની સ્મૃતિઓમાં કંડારી ગઈ હતી. ભક્તિ ભાવના કાર્યક્રમને સફળ બનાવવા માટે સંઘના મિતેષ ધરમશી, જીતેન્દ્ર છેડા, ચંદ્રકાન્ત શાહ, કેતન લોડાયા, જીગર મૈશેરી, વત્સલ છેડા, વિપુલ વીરા ઈત્યાદિએ જહેમત ઉઠાવી હતી.





# કરીના ધરમશી જ્ઞાતિના પ્રથમ મહિલા કર્મશિયલ પાયલોટ બન્યાં



કચ્છ સાંધાણ હાલે પૂનાના કરીના મનોજ ધરમશી જ્ઞાતિના પ્રથમ મહિલા કમર્શિયલ પાયલટ બની સિધ્ધિ પ્રાપ્ત કરી છે. તેની આકાશમાં ઉડવાની મહત્વકાંક્ષા હતી. જે આખરે મૂર્તિમંત થઈ છે. પોતાના સ્વપ્નને સિધ્ધિ સુધી કેવી રીતે પહોંચાડી તે સફરની વાત જાણી તેના જ શબ્દોમાં.

‘કમર્શિયલ પાયલોટ બનવાની મારી સફળ બાળપણની વયે પૂનામાં શરૂ થઈ હતી. હું ભાગ્યશાળી હતી કે હું નેશનલ ડિફેન્સ એકેડેમી NDA નજીક આવેલા વિસ્તારમાં ઉછરી છું. NDA એરબેઝ પરથી ઉડતાં અને ઉતરતાં વિમાન જોવું મારા માટે સામાન્ય જેવું હતું. આ વિમાનોનું આવાગમનની ક્ષણો મારા પર કાયમી અંકિત થઈ ગઈ હતી. ખાસ કરીને વિશિષ્ઠ કાર્યક્રમો દરમ્યાન આકાશમાં ઉડતા વિમાનોની ગર્જના અને તેના અદ્‌ભૂત દ્રશ્યો મને ઉત્સાહીત સાથોસાથ જિજ્ઞાસાથી ભરી દીધી હતી. નાની બાલિકા તરીકે વિમાનોને આકાશમાં ઉડતા જોઈને મને ખબર પડી કે જો આ સ્વપ્નને સાકાર કરવું હશે તો સખત મહેનત સાથે સ્વપ્ન સાકાર કરવા ઊંચી ઉડાન ભરવી પડશે.’

# કરીના ધરમશી જ્ઞાતિના પ્રથમ મહિલા કર્મશિયલ પાયલોટ બન્યાં

મેં પૂણેની સિંહગઢ સ્પ્રિંગ સ્કૂલમાં મારૂ મૂળભૂત શિક્ષણ પૂર્ણ કર્યું. એ પછી પાઈલટ તાલીમ માટે એકેડેમીમાં પ્રવેશ મેળવ્યો. જ્યાં મેં કેન્દ્ર સરકારની ફ્લાઈંગ લાયસન્સ પરીક્ષાઓ માટે બે વર્ષ સખત તૈયારીઓ કરી. આ સમયગાળામાં શિસ્ત, ધ્યાન અને સતત અભ્યાસની માંગ હતી. પરંતુ તે છતાં મારું ધ્યાન હટ્યું નહીં ઊલટું વ્યવસાહિક રીતે ઉડ્યન કરવાનો મારો નિર્ણય મજબૂત બનાવ્યો.



ફ્લાઈટ તાલીમ માટેના શ્રેષ્ઠ વિકલ્પોનું સંશોધન કરતી વખતે મને ખબર પડી કે યુનાઈટેડ સ્ટેટસને કર્મશિયલ પાયલોટ તાલીમ મેળવવા માટેનું શ્રેષ્ઠ સ્થળોમાંનું એક છે. ખાસ કરીને તેના અનુકુળ હવામાન પરિસ્થિતિઓ અને ઉચ્ચ તાલીમ ધોરણોને કારણે. કાળજીપૂર્વક સંશોધન કર્યા પછી મેં ઘણી ફ્લાઈટ સ્કૂલોને શોર્ટ લિસ્ટ કરી. તેમનો વ્યક્તિગત સંપર્ક કર્યો. ત્યાર પછી પ્રવેશ પ્રક્રિયા માટે જરૂરી બધા દસ્તાવેજો તૈયાર કરવા ઉપર બધું ધ્યાન કેન્દ્રિત કર્યું.

આ પ્રક્રિયાનો સૌથી પડકાર જનક ભાગમાંનો એક હતો યુએસએ માટે વિઝા મેળવવાનો હતો. કારણ કે ઈન્ટરવ્યુ પ્રક્રિયા અતિ કઠિન માનવામાં આવે છે. મેં ખંતપૂર્વક તૈયારીઓ કરી અને મારા પહેલાં જ પ્રયાસમાં વિઝા ઈન્ટરવ્યુ પાસ કરવાની ભાગ્યશાળી મને સફળતા મળી.

જૂન ૨૦૨૪માં મેં યુનાઈટેડ સ્ટેટસનો પ્રવાસ કર્યો અને મારી ફ્લાઈટ તાલીમ શરૂ કરી. ફ્લાઈટ સ્કૂલમાં મારા સમય દરમ્યાન મને ઘણાં પડકારોનો સામનો કરવો પડ્યો. જેમાં વાવાઝોડા જેવી મુશ્કેલ હવામાન પરિસ્થિતિઓનો સમાવેશ થાય છે. જે ઘણીવાર ઉડાનના સમયપત્રકને વિક્ષેપિત કરે છે. જો કે હું દ્રઢતા અને સમપર્ણ સાથે હું આ બધા અવરોધોને દૂર કરવામાં અને વાણિજિયક પાઈલટ બનવા માટેની જરૂરી બધી જરૂરી લેખિત પરીક્ષાઓ અને ઉડાન પરીક્ષણો સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે સક્ષમ થઈ હતી.

વાણિજિયક પાઈલટ પ્રમાણપત્ર મેળવવા માટે જરૂરી આ પરીક્ષાઓ અત્યંત મુશ્કેલ હતી. દરેક મૂલ્યાંકનમાં બે કલાકની વ્યાપક ગ્રાઉન્ડ પરીક્ષાનો સમાવેશ થતો હતો. ત્યારબાદ બે કલાકની ફ્લાઈટ ચેક હતી. જેમાં માટે વાસ્તવિક સમયમાં મારી ઉડાન કુશળતા નિર્ણય લેવાની ક્ષમતાની સાથો સાથ પરિસ્થિતિગત જાગૃતિ દર્શાવવાની હતી. મને કહેતા ગર્વ થાય છે કે મેં આ મૂલ્યાંકન દરમ્યાન મજબૂત પ્રદર્શન કર્યું. જેનાથી પરીક્ષકો મારી તૈયારી અને પ્રદર્શન ક્ષમતાથી ખરેખર પ્રભાવિત થયાં હતાં.

મારા માતા-પિતાના મજબૂત સમર્થન વિના આસફળતા કોઈપણ રીતે શક્ય ન બની હતો. તેમના પ્રોત્સાહન મારામાં રાખેલ વિશ્વાસ અને સતત પ્રેરણાએ આ સફરને સુખદપણે શક્ય બનાવી. હકીકતમાં તેમના વિના હું ફક્ત આ સીમાચિન્હ રૂપી સિધ્ધિ સુધી પહોંચી શકી નહોત. એટલું જ નહીં કમર્શિયલ પાઈલટ બનવાનું મારું સ્વપ્ન પણ જોવાની હિંમત પણ ન કરી શકી હતો.

હું મારી આ સિધ્ધિ મારા માતા-પિતાને અને મારા પરિવારને હૃદયપૂર્વક સમર્પિત કરું છું. તેમનો અડગ અને પ્રોત્સાહક ટેકો મારી આ સફર દરમ્યાન મારી સૌથી મોટી શક્તિ બની રહ્યો હતો. સબળ પીઠબળ બની રહ્યો હતો.

કરીના ધરમશી આપ સ્ત્રી શક્તિની મોટી મિસાલ બનયાં છો અને અદ્‌ભૂતપૂર્વક રીતે સાર્મથ્ય દર્શાવી સ્વપ્ન સાકાર કર્યું છે. આપની આ પ્રેરણાદાયક ગાથા અદ્‌ભૂત છે અને જ્ઞાતિની યુવતીઓ અને મહિલાઓ માટે પ્રેરણારૂપ છે. મેળવેલ સિધ્ધિ અને સફળતા માટે હાર્દિક અભિનંદન અને ભવિષ્યની ઉજ્જવળ કારકિર્દી માટેની શુભેચ્છા સ્વીકારશો.

# તિરૂપુરના NGO દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિને જ્ઞાતિના સાસુ-વહુનું સન્માન કરાયું






તા.૮ માર્ચ રવિવારના રોજ તિરૂપુરના સેવાભાવી NGO મુયાર્ચી મક્કલ અમૈપુ દ્વારા ઈન્ટરનેશનલ વુમન્સ ડે અવસરે કરાયેલી ઉજવણીમાં પરજાઉ તિરૂપુરના માતુશ્રી પુષ્પાબેન હંસરાજ વેરશી નાગડાનું સન્માન તિરૂપુર જિલ્લા ન્યાયધીશ સગુણા મેડમ દ્વારા કરાયું. સન્માનિત પુષ્પાબેનના પુત્ર સતીષ નાગડા આ સેવા સંગઠનમાં સૌથી વધુ વખતના રક્તદાતા છે તથા આ NGOના ઉપપ્રમુખ છે. સતીષ નાગડા તથા તેમના બંધુ પ્રતાપભાઈ નાગડા મુયાર્ચી મક્કમ અમૈપુ દ્વારા યોજિત થતા રક્તદાન કેમ્પમાં સક્રીય રીતે સેવાભાવથી જોડાઈ સેવાકાર્યમાં અગ્રેસર રહે છે.

એ જ દિવસે પુષ્પાબેનના પુત્રવધૂ અને માંડવી કોચીનના મણિબાઈ માણેકજી વિશનજી નાગડાના પુત્રી સૌ. સ્મિતાબેન સતીષ નાગડાનું NGO મુયાર્ચી મક્કલ અમૈપુ દ્વારા સન્માન કરાયું કારણ કે દરેક સફળ પુરૂષની પાછળ તેની પત્નીનો સાથ હોય છે. જેથી તેમના પતિ સામાજિક સેવા પ્રવૃત્તિઓ કરવા માટે સદૈવ સક્રીય રહે છે.

# પ.પૂ.સાધ્વીશ્રી સંસ્કારનિધિશ્રીજી મ.સા. સંયમ જીવનના ૨૦મા વર્ષમાં પ્રવેશ કર્યો



કચ્છ કુવાપધ્ધરના માવિત્ર માતુશ્રી વિમલાબાઈ શાંતિલાલ મોતાના ધર્મ સંસ્કારી પુત્રી વિક્રમ સંવત ૨૦૬૩ના ફાગણ માસ વદ સાતમ તિથિ દિને ગાંધીધામના ભારત નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષાગ્રહણ કરી ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વી શ્રી સંસ્કારનિધિશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવનની સફરનો પ્રારંભ કર્યો.

તપ, ત્યાગ, ભક્તિ આરાધના કરતાં અને કરાવતાં સાહેબજી આજે વિક્રમ સંવત ૨૦૮૨ ફાગણ વદ ૭ તિથિ દિને સંયમ જીવનના ૧૯ વર્ષ પરિપૂર્ણ કરી ૨જા દાયકા એટલે કે વીસમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ સપરમા દિને ગુરૂ ભક્તોની ચાહના અને મંગલકામના છે કે પૂજ્ય સાહેબજી આવી જ રીતે અવિરત આગળ વધતા રહી રજત, સુવર્ણ, હીરકને અમૃત વર્ષથી પણ વધીને શતક વર્ષના શિખરે બિરાજે. શત શત વંદના સાહેબજીને.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી ફેબ્રુઆરી થી માર્ચ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| ૧૨ થી ૧૬ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળમાંથી સહાય લેતા સાધર્મિકો માટે/સાથે સંપૂર્ણ નિઃશુલ્ક પાવાગઢ-પાલીતાણા-ગિરનાર યાત્રા પ્રવાસ |
| ૧૩/૧૪ માર્ચ ૨૦૨૬ | પરબ આયોજિત અનાજ, મસાલા, ખાદ્ય તથા ઘરગથ્થુ ઉપયોગી વસ્તુઓના સ્ટોલ પરમ કેશવ બાગ, ઘાટકોપર વેસ્ટ, સવારે ૧૦ થી સાંજે ૭. સ્ટોલ બુકિંગ. ૯૮૨૦૫૬૬૩૦૬, ૯૩૨૦૦૬૫૮૨૫ |
| ૧૯ માર્ચ ૨૦૨૬ | શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર આયોજિત મુંબઈમાં શ્રી ભલારા દાદાની ૩૬ મી સમુહ પહેડી સાંજે ૪.૦૦ ક. થી ડેફોડીલ્સ કેમ્પસ, નીલમ નગર-૨, મુલુંડ ઈસ્ટ. લાભાર્થી: શ્રી ભલારા ભાવિક પુનમ પરીવાર |
| ૨૦ માર્ચ ૨૦૨૬ | શ્રી ધણી બાવાની પ્રથમ સમુહ પહેડી કાલિદાસ મેરેજ હોલ, મુલુંડ. ૯૮૨૦૧૬૭૭૮૮, ૯૮૨૦૧૫૩૯૪૫ |
| ૨૧-૨૨ માર્ચ ૨૦૨૬ | શ્રી નલિયા જિનાલયે શુદ્ધિકરણ તેમજ અઢાર અભિષેક |
| ૨૨-૨૩ માર્ચ ૨૦૨૬ | શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ, વરાડીયા સંચાલિત શ્રી ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજી તથા શ્રી ભલારા દાદા મંદિર ધ્વજારોહણ મહોત્સવ |
| ૨૭-૨૯ માર્ચ ૨૦૨૬ | શ્રી તેરા-શ્રી ભલારા દાદા સ્થાનક ભુવાજી ચયન વિધિ. |
| ૨૯ માર્ચ ૨૦૨૬ | ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ તથા એમના વાલીઓ માટે કેરીયર પ્લાનીંગ ગાઇડંસ સેમિનાર સવારે ૧૦.૩૦ થી બપોરે ૧.૦૦ ક. (બાદ ભોજન સુવિધા) વી.એલ.વી.જી., ઘાટકોપર, મુંબઈ. રજી. જરૂરી - ૯૯૬૭૯૧૪૫૬૭ |
| ૩૧ માર્ચ ૨૦૨૬ | નલિયામાં મોતા ફરિયાદો બિરાજમાન ધરમશી કુળદેવી શ્રી અંબે માતાજીના ભોઇ માની તથા શ્રી ખેતરપાળ દાદાના ભુવા શ્રીના બાના (ગંધી) બદલી વિધાન તથા પહેડી. ૯૯૩૦૦૩૯૮૮૮/ ૯૭૬૫૭૧૬૧૫૧ |
| ૩૧ માર્ચ થી ૦૨ એપ્રિલ ૨૦૨૬ | શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર આયોજિત લાલપુરમાં ચૈત્રી પુનમ મહોત્સવ |

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી કચ્છી દશા ઓસવાલ ધણી બાવા ભાવિક સંઘ દ્વારા સમૂહ પહેડીનું હાર્દિક આમંત્રણ

શ્રી કચ્છી દશા ઓસવાલ ધણી બાવા ભાવિક સંઘ તરફથી સર્વ ભાવિક, નિયાણી બહેનો તથા આમંત્રિત મહેમાનોને હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે કે ભક્તિભાવપૂર્વક આયોજિત શ્રી ધણી બાવા (રામાપીર)ની સમૂહ પહેડી પ્રસંગે સહકુટુંબ ઉપસ્થિત રહી આ કાર્યક્રમને શોભાવશો.

તા. શુક્રવાર, તા. ૨૦ માર્ચ તિથિઃ સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ બીજ (નામાની).

કાર્યક્રમની રૂપરેખા : પહેડી પ્રસાદઃ સાંજના ૫:૧૫ કલાકથી (ચૌવિહાર વ્યવસ્થા સાથે). પ્રથમ આરતીઃ સાંજના ૬:૧૫ કલાકે, દર્શનઃ સાંજના ૬:૩૦ કલાકથી, બીજી સમૂહ આરતીઃ રાત્રે ૯:૦૦ કલાકે.

ભજન સંગીત : શ્રી અરવિંદભાઈ વેદાંત તથા સાથી કલાકારો.

સ્થળ : શ્રી કાલિદાસ મેરેજ હોલ, પી.કે.રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૮૦.


આપ સહકુટુંબ પધારી શ્રી ધણી બાવાના આશીર્વાદ પ્રાપ્ત કરશો તેવી ભાવભરી અપેક્ષા.

સંપર્ક : હંસકુમાર મૈશેરી-૯૮૨૦૧૬૭૭૯૯, મુકેશ મૈશેરી -૯૮૨૦૪૨૨૨૯૧, મેઘકુમાર ખોના-૯૮૨૦૧૫૩૯૪૫, ઉમેશ લોડાયા -૯૦૨૯૦૭૮૮૯૧, યશોધન કારાણી-૯૮૨૧૧૩૭૭૩૭.


# ભાવભીની શ્રદ્ધાંજલિ




**અનિલભાઈ મોમાયા**
તા.૮ માર્ચ (ઉ.૬૪)
સાંયરા-મુલુંડ



**દિનેશભાઈ શાહ**
તા.૮ માર્ચ (ઉ.૮૫)
સાંયરા-નાહુર



**નવીનચંદ્ર દંડ**
તા.૧૨ માર્ચ (ઉ.૮૫)
સેવક ભરૂડીયા-નાલાસોપારા



**મુકેશભાઈ દંડ**
તા.૧૪ માર્ચ (ઉ.૬૪)
રાયણજર-દુબઈ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● અબડાસા તાલુકાના નાનકડા એવા મોથાળા ગામના ૨૪ વર્ષીય યુવાન ભવ્ય પ્રકાશ શાહ નાગડાની થોડા સમય અગાઉ જ ભારતીય વાયુ દળમાં નિયુક્તિ થઈ છે. ફ્લાઈંગ કેડેટ એવા ભવ્યને લડાકુ વિમાનની કમાન સોંપવામાં આવી છે. પૂનામાં ચોકલેટ બિસ્કિટનો વેપાર ચલાવતા પ્રકાશભાઈ નાગડાના આ હોનહાર પુત્રએ પૂનામાં શિક્ષણ લઈને ત્યાંજ ખાનગી નોકરી કરી તે બાદ ભારતીય વાયુદળની તમામ કસોટી પાર કરી લેતાં કેપ્ટન તરીકે પૂનામાં નેશનલ કેડેટ કોર્પ્સના એર સ્કવોડ્રનમાં જોડાયો છે તે બાદ ચેન્નઈમાં ટ્રેનિંગ એકેડેમીમાં તાલીમ લઈને આજ વિધિવત વાયુદળમાં લડાકુ વિમાન ઉડાવવાની શરૂઆત કરી દીધી છે.

● નવી મુંબઈ રોટરી ડિસ્ટ્રીક્ટ ૩૧૪૨ દ્વારા મુંબઈથી કચ્છ સુધી આરોગ્ય અને થેલેસેમિયા જાગૃતિ માટે કાર રેલીનું આયોજન કરાયું. જેમાં કચ્છની વિવિધ ક્લબો જોડાઈ હતી. રેલીના પ્રોજેક્ટ ચેરમેન મુંબઈના જય કારિયા તથા અમદાવાદના સંજય દલાલના માર્ગદર્શન હેઠળ ભુજના ખાવડા ચાર રસ્તા ખાતેથી શરૂ થયેલી આ રેલી ભુજ શહેરના વિવિધ માર્ગ ફરતી અદાણી ગેઈમ્સ હોસ્પિટલના સહકારની વોલ સિટી ક્લબ સંચાલિત થેલેસેમિયા સેન્ટર ખાતે સંપન્ન થઈ હતી. ૪૦ જેટલી કાર સાથે થેલેસેમિયા જાગૃતિના બેનર્સ સાથેની રેલીને લોકોએ બહોળો આવકાર આપ્યો હતો.

● ૨૧ ડિસેમ્બરના આંતરરાષ્ટ્રીય સાડી દિવસ તરીકે ઊજવાય છે. સાડી એક એવું પરિધાન છે જે અનેક પેઢીઓ સુધી વારસાગત રીતે આપવામાં આવે છે. કચ્છની ઓળખ માત્ર તેની સંસ્કૃતિ રણ, દરિયો ઉપરાંત હસ્તકલા કારીગરી અને વસ્ત્ર પરંપરાથી પણ છે. ખાસ કરીને બાંધણીની સાડીઓએ મહિલાઓને ઘેલું લગાવ્યું છે. અત્યારે મોડલ, સિલ્ક, ઘંટડી, ટીસ્યૂ અને પટોરા જેવા કાપડ પર બાંધણી સાથે અવનવા કલર ટાઈ ડાઈપ્રિન્ટની સાડીનો ક્રેઝ ઘણો છે. નિરોણાની વિખ્યાત રોગન આર્ટમાં પણ સાડીઓની સારી એવી માંગ છે. સાડી બંધ ભીંઢી બાંધવા માટે કચ્છના લગભગ ગામડાંઓમાં ખત્રી સિવાયની હિન્દુ-મુસ્લિમ મહિલાઓ ઘર બેઠે રોજગારી મેળવી આત્મનિર્ભર બની રહી છે.

● સાંસદ વિનોદભાઈ ચાવડાની આગેવાની હેઠળ માંડવીના ધારાસભ્ય અનિરૂધ્ધ દવે, માંડવી ચેમ્બર ઓફ કોર્મસ પ્રેરિત માંડવી સર્વાંગી વિકાસ પરિષદના પદાધિકારીઓ સાથે દિલ્હીમાં રેલવે મંત્રી અશ્વિન વૈષ્ણવને રૂબરૂ મળી ભુજથી માંડવી રેલવે જોડાણની સુવિધા ઝડપથી આપવા માંગ કરી હતી. કચ્છના નવ તાલુકાને રેલવે સેવાનો લાભ મળેલો છે. માત્ર માંડવી જ વંચિત રહી જાય છે એ બાબતે ધ્યાનન દોર્યું હતું. રેલવે મંત્રીએ તાત્કાલિક કચ્છનો નકશો મગાવીને તેનો અભ્યાસ કર્યો હતો. ઉપરાંત ડિટેલ્સ પ્રોજેક્ટ રિપોર્ટ મગાવવા અને તેનો અહેવાલ તૈયાર થાય એટલે કેન્દ્રની આગામી કેબિનેટમાં મંજૂરી માટે મૂકવા માટે અધિકારીઓને સૂચના આપી હતી.

● ગુજરાતમાં સૌથી વધુ લાંબો દરિયાકાંઠો ધરાવતા કચ્છમાં અવારનવાર વાવાઝોડાની આફતનો સામનો કરવાનો વારો આવતો હોય છે. વાવાઝોડા સમયે કેવા પ્રકારની કામગીરી કરવી તે માટે છ વર્ષ પહેલાં રાજ્યમાં પ્રથમ વખત સાયકોલન રિસ્પોન્સ પ્લાન બનાવવાનું શરૂ કરાયું હતું. જો કે છ વર્ષ બાદ પણ આ મહત્વાકાંક્ષી ગણી શકાય તેવો પ્લાન અમલીકરણ વારીથી દૂર રહ્યો છે. અને આ પ્લાન હવે અમલમાં આવશે કે નહીં તે અંગે અસમંજસતા પ્રવર્તી રહી છે. રિસ્પોન્સ પ્લાન બનાવવા માટેની ગતિવિધિ આરંભાઈ તેના થોડા જ વખતમાં કોરોના મહામારી આવતા પ્લાન આયોજનને બ્રેક લગાવી દેવાયો હતો. આપત્તિ વ્યવસ્થાપન વિભાગ દ્વારા પ્રથમ વખત આપત્તિ સ્થિતિને પહોંચી વળવા કેવા પ્રકારની રાહત બચાવવાની કામગીરી હાથ ધરવી તેનું ચાર અલગ અલગ કોડમાં વિભાજન કરી પ્લાન ઘડવાનું આયોજન આરંભાયું હતું.

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING
Now Available

HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
GOLD LOAN
SOLAR LOAN
TRADE LOAN
LOAN AGAINST PROPERTY

*7.49% (p.a.)
*8.49% (p.a.)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) | |
|---|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 | |
| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com @ Arihant Bank